સહજ-સત્સંગ

Year : 3 Issue : 35 Dt. 01-12-2015 Page - 52 માસિક

સખ્યમ્

મા મીરાંબિકા

You take up the spiritual path only
when you feel you cannot do otherwise (27 Oct.1952)
If you try to put one foot here and one foot there,
you will be torn to pieces.
(rays of Light - P.14)

- The Mother

સાધના - પથની અનિવાર્યતા

જ્યારે તમને લાગે છે તમે ન જીવી શકો,
ત્યારે સાધના પથે, તમે ડગ માંડી શકો,
જો સંસાર - સાધના બન્નેમાં, પગ માંડવા ધારશો,
તો જીવનના ચીથરાં બની, ભોંટપ તમે અનુભવશો,
પણ સંસાર-સાધના બન્ને પણ એકરૂપ બને,
જ્યારે પરમાત્મા પ્રભુ સર્વ મહિં વિલસે.

પુરુષોત્તમ ચેતનાનો સાક્ષાત્કાર

(તા.૨૪.૦૫.૧૯૧૫, પૃ.૨૨૦)

એક દિવસ તેં મારા મનને જ્ઞાન આપ્યું કે તારા દિવ્ય સત્યના આવિર્ભાવમાં એક કરણ તરીકે તે કામ કરી શકે છે..... અત્યાર સુધી મારું મન.. .. તારા અનંત સ્વરૂપ સમક્ષ શાંત મનમાં મગ્ન રહેતું, પરમ આનંદ અનુભવતું, પરંતુ એ સ્થિતિમાંથી બહાર આવ્યા પછી બાહ્યચેતનાના હાથ ધરેલ કામમાં એકાગ્ર થતું. તેથી મનની શક્તિઓને એક મર્યાદામાં રૂંધાઈ રહેવું પડતું. તેને સંતોષ મળતો નહિ અને તેથી ફરી તારા શાશ્વત સ્વરૂપમાં આવી ડૂબકી મારી જતું.

આ વિસંવાદને તેં મટાડી દીધો. તે તેને મુક્તપણે કાર્ય કરતા શીખવ્યું. અત્યાર સુધી..... હરેક પ્રકારના જીવનમાં સજ્ઞાન રીતે સંચાર કરવો, તે જીવનને સંઘટિત કરવું, આલોકિત કરવું એ જ્ઞાન તેને મળ્યું નહોતું. આમ આ પ્રગટ સૃષ્ટિ સાથે પૂર્ણ તાદાત્મ્ય પ્રાપ્ત કરીને, તેના રૂપાંતરો સિદ્ધ કરવાં માટે તેના પ્રવાહમાં પડી શકાય એવું બળ મેળવવાનું છે. બીજી બાજુએ, મારે પરમ

(અનુ. પૃ.૨૭ ઉપર)

અનુક્રમણિકા

શીર્ષક	પૃષ્ઠ	શીર્ષક	પૃષ્ઠ
પ્રાર્થનાઓ અને ધ્યાન		**યોગ પર દીપ્તિઓ**	
(પુરુષોત્તમ ચેતનાનો સાક્ષાત્કાર)	૩	(પૂર્ણ-યોગની મૂળ વિચાર રેખા)	૩૧
કેળવણીનું ધ્યેય	૬	**સાંજના વાર્તાલાપો**	
દિવ્યજીવન (વિશ્વસર્જનનો હેતુ)	૮	(યોગમાં માર્ગદર્શન)	૩૪
માતૃવાણી		**વેદવિજ્ઞાન** (સપ્તર્ષિ અને ઋષિકુળ)	૩૭
(સાધકોની સમસ્યાઓ - ૪)	૧૦	**ધ મધર્સ એજન્ડા**	
સાવિત્રી		(પાર્થિવતત્ત્વની મુક્તિ)	૩૯
(આ જગતે આપેલી નિરાશા)	૧૫	**યોગનાં મૂળતત્ત્વો** (સંક્ષિપ્ત પ્રશ્નોત્તરી - ૨)	૪૨
યોગ વિષે પત્રો (યોગચક્રો અને તેનાં કાર્યો)	૧૯	**શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**	
ઉપનિષદો (મહાન આત્મવિકાસ)	૨૧	(આધ્યાત્મિક અને ભૌતિક જીવનનો સમન્વય(૧૧૧-૧૧૨)	૪૪
વેદ-રહસ્ય (અર્યમા અને ભગનું સ્વરૂપ)	૨૪	**જાતક કથાઓ** (ખોટું બોલવાનું ઈનામ)	૪૬
શ્રી અરવિન્દ : પોતા વિષે		**મૃત્યુનું રહસ્ય**	૪૭
(યોગ-શક્તિની નક્કરતા)	૨૮	કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર	

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

સહજ-સત્સંગ
અંક : ૩૫ વર્ષ : ૩
ડીસેમ્બર - ૨૦૧૫

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

: સહજ સત્સંગ કાર્યાલય :
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો.૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.
એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.
કૃપયા મનીઓર્ડર નહિં પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવાં ચેક, ડ્રાફ્ટ,
'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.
કવર પેઈજ : ઈન્ટરનેટમાંથી સાભાર

લેખકોના મંતવ્યો તેમનાં પોતાનાં છે. કાયદાકીય વિવાદનું ન્યાયક્ષેત્ર રાજકોટ ન્યાયાલય રહેશે.
(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરાં અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

પુરુષોત્તમ ચેતનાનો સાક્ષાત્કાર

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજીના મનને એક દિવસે પોતાની એક સાધનાકીય ભૂલની જાણકારી પ્રભુએ આપી. માતાજી એકાંતમાં અસીમ પ્રકાશમય સાક્ષી ચેતનામાં ગરક થઈ જતાં પણ જ્યારે બાહ્ય જીવનમાંના દૈનંદિન કાર્યમાં રોકાતા ત્યારે તે સંપર્ક છૂટી જતો. તેથી તે ભૌતિક કાર્યમાં મનને સંતોષ રહેતો નહોતો અને તે ફરીવાર દોડી જઈને પેલી અક્ષરપુરુષની ચેતનામાં ડૂબકી મારી આવતું. સારાંશ માતાજી હજી અક્ષરચેતના અને ક્ષર ચેતનાને સુસંવાદી રૂપે ગોઠવી શકેલા નહિ. તેમની આ ભૂલ કે નબળાઈ જ તેમની મુશ્કેલી હતી. પ્રભુએ માતાજીને તે દર્શાવી અને સમજાવ્યું કે અક્ષર ચેતનાને મનની પાશ્વભૂમિમાં સતત રાખી અગ્રભાગે ભૌતિક જીવનનાં કાર્યો કરવા જોઈએ અને તે વખતે પણ પેલો અક્ષરપુરુષનો સંપર્ક અને આનંદ લુપ્ત થવો ન જોઈએ.

માતાજીએ તેવો અભ્યાસ શરૂ કર્યો અને તેમાં યશસ્વી પણ થયાં. તેથી તેમને નીચેનાં અનુભવો થયાં.

૧ માતાજી પૂર્ણ કરણ તરીકે કાર્ય કરી શકે છે, તેની ખાતરી.

૨ ક્ષર અક્ષર પુરુષની અનુભૂતિઓ જોડાઈને એક થઈ ગઈ.

૩ પ્રભુનાં શાશ્વત સંકલ્પનું પોતે માધ્યમ થઈ ચૂક્યા છે તેની સભાનતા.

૪ દિવ્યાનંદ અખંડ અને શાશ્વત રહેવા લાગ્યાનો અનુભવ.

૫ મનની મર્યાદાઓ છૂટવા લાગી.

૬ ચિત્તમાંનો ખટકો જતો રહ્યો.

૭ પ્રભુ સાથેની એકરૂપતા સાથે મુક્તપણે કાર્ય કરવાની ક્ષમતા મળી.

(અનુ. પૃ.૧૮ ઉપર)

સર્વાંગી શિક્ષણ

- જ્યોતિબેન થાનકી

કેળવણીનું ધ્યેય

'જે કેળવણી માત્ર માહિતી આપવાનું જ કાર્ય કરે છે, તેને ભાગ્યે જ કેળવણી કહી શકાય. અત્યારની કેળવણીમાં તો બાળમાનસમાં ઠાંસી ઠાંસીને માત્ર વિગતો જ ભરવામાં આવે છે. અને માહિતીના ઢગલાને બુદ્ધિનો પર્યાય માનવામાં આવે છે.' - શ્રી અરવિન્દ

વર્તમાન શિક્ષણમાં બાળકોના મગજમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવેલી માહિતીને પરીક્ષાના ત્રણ કલાક દરમિયાન ઉત્તરવહીઓમાં ઠાલવી દેવાની હોય છે. જેટલા પ્રમાણમાં વિદ્યાર્થી વધારે માહિતી આપી શકે, તેટલાં પ્રમાણમાં તે વધારે હોંશિયાર ગણાય છે. શ્રી અરવિન્દની દૃષ્ટિએ આ પદ્ધતિ અયોગ્ય છે. એનાથી બાળકો પર જુલમ થાય છે. એને એની પ્રકૃત્તિથી વિરુદ્ધ જવાની ફરજ પાડવામાં આવે છે. આપણે બાળકના નિરંકુશ અને ઉત્કટ આવેગો ઉપર જડ નિયમો લાદીને એના સ્વાભાવિક વિકાસને રૂંધીએ છીએ. પરીણામે તેની શક્તિઓ કુંઠિત બની જાય છે. તેના કુમળા મગજ પર યાદ રાખવાનો ભારે બોજો આવી જાય છે. પછી મોટા થતાં બાળકોની યાદશક્તિ મંદ પડી જાય છે. તેથી ઘણીવાર એવું પણ બને છે કે પ્રાથમિક શાળામાં પહેલો નંબર લાવતાં બાળકો આગળ જતાં સાવ સામાન્ય બની જતાં હોય છે.

વળી બાળકોને પરાણે, ફરજિયાત આખો વખત ભણવા બેસાડવામાં આવતાં હોવાથી તેમને ભણવામાં રસ પડતો નથી, ઉત્સાહ આવતો નથી. તેઓ બધું ગોખી નાંખે છે, તેથી તેમની સમજણશક્તિ પણ વિકસતી નથી. જ્ઞાન પ્રત્યે તેમનો રસ જાગતો નથી. જિજ્ઞાસાવૃત્તિ મંદ પડી જાય છે. તેમનું ભણવાનું યંત્રવત્ અને જડ બની જાય છે. એથી તેમની ચેતનાનો વિકાસ થતો નથી. આવા પ્રકારની કેળવણીમાં મનુષ્યના મનમાંની માહિતીને નાનકડા મગજમાં સંગ્રહવા

માટે બાળકની બૌદ્ધિક મહેનત વધી જાય છે. હજુ તો તેનાં સ્થૂલ મગજનો અને મનનો પૂરતો વિકાસ પણ થયો હોતો નથી અને તેનું કેટલું બધું ગોખીને યાદ રાખવું પડતું હોય છે ! તેનું તેના મન પર ભારે દબાણ આવે છે. એટલે તેને ભણવું ગમતું હોતું નથી. આ સંદર્ભમાં સ્વામી વિવેકાનંદ કહે છે : 'તમારા મગજમાં ઠાંસેલી અને જીવનભર વણપચી રહીને કાળો કેર વર્તાવતી માહિતીનો સંચય એટલે કેળવણી નહીં. જીવનનું ઘડતર કરે, મનુષ્યને બળવાન બનાવે, તેનો ચારિત્ર્યવિકાસ કરે એવા વાંચનની જરૂર છે.' તેઓ આગળ કહે છે કે, 'કેળવણી માત્રનો ઉદ્દેશ મનુષ્યને ખરો મનુષ્ય બનાવવાનો જ હોઈ શકે, માનવને એના વિકાસને પંથે ચડાવવો એ જ કેળવણીનું અંતિમ લક્ષ્ય છે.'

શ્રી અરવિન્દ પણ કેળવણીના આ ધ્યેયને સ્પષ્ટ કરતાં કહે છે, 'કેળવણીનું મુખ્ય ધ્યેય વિકાસ પામતાં આત્મને તેની અંદર જે કંઈ ઉત્તમ છે, તે પ્રગટ કરીને તેનો ઉદાત્ત ઉપયોગ કરીને આત્માનું ધ્યેય વિકાસ સાધવામાં જ રહેલું છે. અનેક જન્મોમાં વિકાસ સાધતો સાધતો આત્મા અંતે પોતાના મૂળ સ્રોત પરમાત્મામાં ભળી જાય છે, એટલે વિકાસ એ જ જીવનનો મુખ્ય હેતુ છે અને એ જ કેળવણીનો પણ હેતુ છે. મનુષ્યોની અંદર અનેક સુષુપ્ત શક્તિઓ રહેલી છે. આ શક્તિઓને જાગૃત કરવી, ખીલવવી અને મનુષ્યને શ્રેષ્ઠ મનુષ્ય બનાવવો એ સાચું શિક્ષણ છે.

આ શિક્ષણમાં કંઈ બહારથી જ્ઞાન લાદવામાં આવતું નથી. કેમકે, જ્ઞાન તો મનુષ્યના આત્માની અંદર જ પડેલું છે. શિક્ષકે તો માત્ર એને જાગૃત કરવાનું જ કાર્ય કરવાનું છે. સ્વામી વિવેકાનંદ કહે છે, 'મનુષ્યમાં પ્રથમથી જ રહેલી પૂર્ણતાનું પ્રગટીકરણ એટલે કેળવણી.' જો જ્ઞાન માણસની અંદર જ પડેલું હોય તો પછી શિક્ષણ દ્વારા એને શું શીખવી શકાય ? તો પછી શિક્ષણનું કાર્ય શું ? શિક્ષણનું કાર્ય છે, વિદ્યાર્થીની અંદર રહેલા ઉદાત્ત તત્ત્વોને પ્રગટ કરવાનું અને તેને વિકસવા માટેની સામગ્રી પૂરી પાડવાનું, એ માટેનું યોગ્ય વાતાવરણ તૈયાર કરી આપવાનું. આ સંદર્ભમાં શ્રી અરવિન્દ કહે છે, 'વિદ્યાર્થીને જ્ઞાન અને ચિંતનનો મહેલ ચણી આપનાર વસ્તુઓ તો જુદી જ છે. એ છે,સ્મૃતિ, નિર્ણયશક્તિ, કલ્પના, તત્ત્વદૃષ્ટિ, તર્કબુદ્ધિ - આ બધાં બુદ્ધિનાં સર્જકતત્ત્વો બધાં બાળકોમાં પૂરેપૂરાં પ્રગટ

(અનુ.પૃ.૫૦ ઉપર)

દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

વિશ્વસર્જનનો હેતુ

પ્રકરણ - ૧૧

સમજૂતી - માનસિંહ ચાવડા

આ રીતે બ્રહ્મ જ જગત દ્વારા સત્યમ્ શિવમ્ સુંદરમ્ સ્વરૂપે પ્રકટ થતું હોય છે.

આ જો વાસ્તવિક ઘટના છે તો તેના આધારે નીચેના તારણો ફલિત થાય છે જે આપણે જીવનમાં ધારણ કરવાનાં રહે છે.

(૧) આપણે આપણા અસ્તિત્વમાં ઉંડામાં ઉંડે સ્તરે એક અભેદ અદ્વૈત ચેતના જ છીએ.

(૨) આ ચેતના આનંદસ્વરૂપ હોવાથી જીવનમાં દેખાતા સુખ - દુઃખ એ બધાં આપણા જીવનની બાહ્ય સપાટી પરનાં જ આભાસો માત્ર છે. તેની નીચે તો જગતની બધી જ ઘટનાઓમાંથી આનંદ મેળવતું એવું આપણું મૂળભૂત સ્વરૂપ છે, જે આજે આ બાહ્ય ચેતનાથી ઢંકાયેલું છે.

(૩) આ બાહ્ય ચેતનાની પાછળ સુખ અને દુઃખ નિર્માણ કરનારું કોઈ તત્ત્વ છે જેને આપણે જાણતાં નથી. શાસ્ત્રો તેને અવચેતન કહે છે. અજ્ઞાન કહે છે. તેની પણ પાછળ પેલી અભેદ અદ્વિતીય ચેતના રહેલી છે.

(૪) જીવનનો હેતુ પરમચેતનાનાં નિજાનંદને ભૌતિક સ્તરે પ્રકટ કરવાનો છે. તે માટે પેલી અદ્વૈત ચેતનાએ જીવનની ઘટમાળમાંથી સારભૂત તત્ત્વ સ્વીકારી પોતે ઉત્ક્રાંત થઈ જીવનને આનંદનાં આવિર્ભાવનું સાધન બનાવવા માટે એક સાકાર સ્વરૂપ પ્રક્ષેપિત કરેલ છે એવું માનવું રહ્યું. અદ્વૈત ચેતના અને આ ભૌતિક જીવનને જોડનારું તે દિવ્ય તત્ત્વ હોવું જોઈએ. તેને આપણે આપણી વ્યક્તિગત ચેતના તરીકે જાણીએ છીએ. તેને શાસ્ત્રો 'જીવ' અથવા ચૈત્યપુરુષ કહે છે. જીવાત્મા નિષ્ક્રિય પાસુ છે જે અદ્વૈત ચેતના સાથે સંબંધિત હોય છે. ચૈત્યપુરુષે વ્યક્તિગત જીવનમાં આનંદ તરીકે પ્રકટ થવાની એક અખંડ સાંકળ અને વ્યવસ્થા

નિર્માણ કરેલી છે. તે સક્રિય સ્વરૂપ છે.

(૫) જીવનની બાહ્ય સપાટી ઉપર પ્રકટ થતાં સુખ - દુઃખ એ આપણી બાહ્ય પ્રકૃત્તિને પડેલી એક ટેવ છે, જે બદલી શકાય છે. મૃત્યુ એ પણ દુઃખનો જ પ્રકાર હોવાથી તે પણ પ્રકૃત્તિની જ એક ખૂબ મજબૂત ટેવ માનવી રહી.

(૬) સુખ અને દુઃખના પ્રસંગોએ તટસ્થ અને ઉદાસીન, સાક્ષીભાવે રહેવું એ ઉપરની ટેવ ઉપર વિજય મેળવવાની પદ્ધતિ છે. પણ તેથી પણ આગળ જઈને સુખ-દુઃખના પ્રસંગોમાં પણ તટસ્થતાને બદલે આત્માનાં નિજાનંદમાં રહેવું, અખંડ આનંદમાં રહેવું એ તો મહાન વિજય ગણાવી શકાય.

(૭) મનના સ્તરે આપણે વૈચારિક રીતે ઉપરની વાસ્તવિકતા સમજી શકીએ છીએ, પણ પ્રાણમય સ્તરે પ્રાણ તો એમ જ દઢતાથી માનતો હોય છે કે અમૂક વસ્તુ કાયમી સ્વરૂપે આનંદદાયક જ છે. આનંદ આપવો એ તેમનો સ્વભાવ છે. આપણી આંતરિક ટેવને કારણે સુખ-દુઃખ અનુભવતા નથી પણ સુખ-દુઃખ વસ્તુનિષ્ઠ વસ્તુ છે તે subjective નથી પણ objective છે. માન - સન્માન, યશ, લાભ આ કાયમી સ્વરૂપે આનંદ જ આપે છે, એમ તે સમજે છે. જ્યારે અપમાન, પરાજય અને નુકશાની કાયમી સ્વરૂપે દુઃખદાયક જ હોય છે.

પ્રાણને આમ લાગવાનું કારણ એ છે કે તે મનની ટેવોની ગુલામીમાં જ રહેતો હોય છે. આ પ્રકારની કાયમી ટેવની ઘરેડમાં જ તેનો રહેવાનો સ્વભાવ છે, કારણ પ્રકૃત્તિએ તેને જીવનનું સંરક્ષક બળ તરીકે સ્થાપેલ છે. હાલની રચનાને નવી વિકસિત રચના ન થાય ત્યાર સુધી સ્થાયિ અને અકબંધ રાખવી એ તેનું કામ છે. નવો તબક્કો થતાં તે નવા તબક્કાને સ્થાયિ રાખવાનો આગ્રહ રાખશે. તેથી પ્રાણમય સ્તરે સુખ - દુઃખની સ્થિતિમાં ઉદાસીન અને તટસ્થ રહેવું મનના સ્તર કરતા વધારે અઘરું લાગે છે. પ્રકૃત્તિએ મનને પ્રગતિ અને પરિવર્તન માટે આયોજ્યું છે. તેથી મનની ભૂમિકાએ દૃષ્ટિકોણમાં આમૂલાગ્ર ફેરફાર કરવો થોડો સહેલો હોય છે. પ્રાણ કરતાં મન વધારે મુલાયમ અને અનુરૂપ થવાની ક્ષમતા ધરાવે છે. તેથી મન પ્રાણમય આવેગો અને શરીરનાં સંવેદનોની ઉપર ઊઠીને સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે છે. તે બાહ્યજગતના સંવેદનોથી (માત્રા સ્પર્શથી- ગીતા) મુક્ત રહી શકે છે.

માતૃવાણી
- શ્રી માતાજી

અવતરણો

સાધકોની સમસ્યાઓ - ૪

(માતૃવાણી-૧૫ પૃ. ૩૪૬-૩૫૩)
(તા.૧૧.૫.૬૭ - ૧૫.૮.૬૭)

સમજૂતી - માનસિંહ ચાવડા

સંઘર્ષમાંથી મુક્તિ

૧ સમગ્ર જગત એ સંઘર્ષ..... ની પરિસ્થિતિમાં છે. પૃ.૩૪૬

૨ તમારા માટે એક માત્ર ઉપાય છે : સમગ્ર, પૂર્ણ અને બિનશરતી સમર્પણ. પૃ.૩૪૬

૩ તમે તમારી જાતને ઊર્ધ્વમાં નિહાળો. પ્રભુકૃપાનું રક્ષણ મેળવતા રહો. પૃ.૩૪૬

૪ આ દિવ્યહાજરી, દિવ્યબળ, દિવ્યકૃપા તમારી સાથે કાયમ હોય છે. તમારા હૃદયમાં અનુભવો. પૃ.૩૪૬

૫ વેદના સમર્પણ સમગ્ર નથી, તેની નિશાની છે. પૃ.૩૪૬

૬ બધાં જ વિરોધીબળોને, વિરોધીગતિઓને, હુમલાઓને, ગેરસમજને, દુરિચ્છાઓને, પ્રભુકૃપામાં રહેલી શ્રદ્ધાના હાસ્ય સાથે પ્રત્યુત્તર આપો. પૃ.૩૪૭

૭ જે પરમધ્યેય, પરમતેજ, પરમજ્ઞાન, પરમપ્રેમ માટે અભીપ્સા રાખો તે તમારી અંદર જ છે - એક કાયમ જલતી જ્યોત તરીકે.પૃ.૩૪૭

૮ તેમાં સહાય રહેલી છે. માર્ગદર્શન આપતી. પૃ.૩૪૮

૯ પૂરેપૂરું સમર્પણ કરો પછી તે પ્રભુની બાબત થઈ જાય છે. પૃ.૩૪૮

૧૦ જ્યાં સુધી લોકો સાચા યોગી ન બને, અહંકારમાંથી બહાર ન નીકળે ત્યાં

સુધી તેઓ સમજી નહિ શકે. પૃ.૩૪૮

૧૧ તમારી ચેતનાનો એક ભાગ જાણે છે. બીજો સંજોગોનો ગુલામ. તેથી સહન કરવું પડે છે. પૃ.૩૪૯

૧૨ આ બધું તમારી તરફ તમારી પરમમુક્તિને માટે આવે છે. પૃ.૩૪૯

સોનેરી શાંતિ

૧ કોઈ અચલ વસ્તુનું સમર્થ અવતરણ થયું તેમાં ગતિ નહોતી. પૃ.૩૫૦

૨ તેણે અતિમનસ સોનેરી પ્રકાશની છાપ પાડી. પૃ.૩૫૦

૩ પાંત્રીસ મિનિટ સુધી તે રહી. પૃ.૩૫૦

૪ તે વસ્તુ (લોકોની પ્રાર્થના) મોજાંની માફક ઉપર ચડી. પૃ.૩૫૧

૫ મેં શ્રી અરવિન્દને અગ્રભાગે મૂક્યા. પૃ.૩૫૧

૬ પ્રભુ શ્રેષ્ઠ રીતે જાણે છે કે તે શું કરી રહ્યો છે. પૃ.૩૫૧

૭ તે સોનેરી શાંતિ પાછી આવી. પૃ.૩૫૧

ભારતને મજબૂત બનાવવાનો ઉપાય

૧ શ્રી અરવિન્દે આ બધી મુશ્કેલીઓનું આગઉથી દર્શન કરેલું અને તેનો ઉકેલ આપેલો.

૨ આ તેમનો ઉપદેશ શીખવવો છે. આ વસ્તુ પક્ષ અને રાજકારણથી પર છે. પૃ.૩૫૨

૩ તેમાં રાજકારણથી પર રહીને દેશનું સંઘટન કરવાનું છે. પૃ.૩૫૨

૪ આપણે એવા યુગમાં પ્રવેશીએ છીએ, જેમાં વસ્તુઓ જુદી રીતે ગોઠવેલી છે. પૃ.૩૫૨

૫ જો શ્રી અરવિન્દનો કાર્યક્રમ લોકો સમજે અને અમલમાં મૂકે તો દેશ ઘણો મજબૂત બને. પૃ.૩૫૩

૬ "અમે પક્ષનું પ્રતિનિધિત્વ કરતા નથી. ફક્ત ભારતના પ્રતિનિધિ છીએ." અમારી ભૂમિકા. પૃ.૩૫૩

❖

સંઘર્ષમાંથી મુક્તિ

હાલમાં સમગ્ર જગત સંઘર્ષમય બની ગયું છે. આમાં શાંતિ ધારણ કરવાની

છે. પોતાનાં સાચા ધ્યેયને શાંતિથી અનુસરવાનું છે. તે માટે ઉપયોગી છે એક જ માર્ગ : સમગ્ર, પૂર્ણ અને બિનશરતી સમર્પણનો.

તમે પોતાને બધાં જ માનવ-સંબધોથી ઉપર ઊઠાવો. ઊર્ધ્વચેતનામાં નિહાળો. પ્રભુકૃપાનું સંરક્ષણ મેળવતા રહો. તમને પ્રભુ જ આવી બક્ષિસ આપી શકે છે. તેની પાસેથી જ તે પ્રાપ્ત કરો.

તે માટે હૃદયમાં પ્રભુની હાજરી અનુભવતા થાઓ. દિવ્યબળને ત્યાં અનુભવો. દિવ્યકૃપાને ત્યાં કામ કરતી જુઓ.

તમને કોઈ સંજોગોથી, સંબંધથી, ઘટનાથી, વ્યક્તિથી વેદના થતી હોય તો સમજો કે તમારું સમર્પણ અધૂરું છે. તેને વધુ સંપૂર્ણ કરવું જરૂરી છે. અહંકાર વેદના અનુભવે છે.

વિરોધીબળો, વિરોધીગતિઓ, વિરોધીહુમલાઓ, ગેરસમજો, દુરિચ્છાઓ સામે આત્મ-વિશ્વાસથી સ્મિત કરો. તે સ્મિત પ્રભુકૃપાનું તમને જે અભેદ સંરક્ષણ મળેલું હોય છે. તેની ઉપર રહેલી અતૂટ શ્રદ્ધાને કારણે નિર્માણ થાય છે.

માનવ બીજાની પ્રશંસાની અપેક્ષા રાખે છે, તેથી તેને પોતાની તાકાત અનુભવાય છે. તમે આવી પ્રશંસાની અપેક્ષા ન રાખો. તમે અપેક્ષા રાખો તમારા પરમ ધ્યેયની, પરમતેજની, પરમજ્ઞાનની, પરમપ્રેમની. તે તમારી અંદર જ ગુપ્ત રીતે રહેલ છે. જો તેમ ન હોત તો તમે તે મેળવી જ શક્યા ન હોત. તેને જીવનમાં વ્યક્ત થવાનો પુરુષાર્થ ખેડો. તે માટે પોતાનાં સ્વરૂપમાં અંદર ઊતરો. ત્યાં એક જ્યોત જલે છે તેને નિહાળો. તેમાંથી શાંતિ મેળવી પુરુષાર્થ ખેડો.

આપણને દિવ્યહાજરી અનુભવાતી નથી કારણ આપણી નજર બહાર હોય છે, અંદર વળેલી હોતી નથી. તે જ્યોતમાંથી તમને મદદ મળશે, માર્ગદર્શન મળશે. તે સાચા રસ્તાનો રાહબર નેતા બનશે.

તેને સમર્પણ કરી દો. તમારા પ્રશ્નો પછી તમારાં રહેતા નથી, તે પ્રભુનાં બની જાય છે.

તમે લોકોની પ્રશંસાની અપેક્ષા ન રાખો, કારણ લોકો તમારા કાર્યની મહત્તાને નથી ઓળખી શકતા. તેઓ યોગી નથી. તમને લોકોની ટીકા-ટીપ્પણીઓથી દુઃખ થાય છે, કારણ તમારો એક ભાગ પ્રભુને સમર્પિત છે, બીજો

નથી. તે ભાગ પરિસ્થિતિનો, સંજોગોનો ગુલામ છે.

તમારા સમર્પણને પૂર્ણ કરો એ તે સૂચવે છે. આ બધા કપરા સંજોગો, વેદના, આવે છે કારણ તે તમને મદદ કરીને તેમાંથી મુક્તિ અપાવવા ઇચ્છે છે. એક વિશુદ્ધ શાંતિ, એક અડગ સમતા, એક શ્રદ્ધાયુક્ત સામર્થ્યમાં જીવો.

સોનેરી શાંતિ

માતાજીએ ૧૫ ઑગસ્ટ ૧૯૬૭ના રોજ પોતાની રૂમની બાલ્કનીમાં આવી લોકોને દર્શન દેવા માટે પોતાની બેઠક લીધી તે વખતે તેમને અચાનક સમર્થ, અચલ, જામી ગયેલી, સોનેરી શાંતિનાં જોરદાર અવતરણનો અનુભવ આવ્યો.

બાલ્કનીમાં આવતા પહેલાં શ્રી માતાજીએ શ્રી અરવિન્દને પોતા સાથે બાલ્કનીમાં આવવાની વિનંતિ કરેલી અને શ્રી અરવિન્દ પણ સૂક્ષ્મ-પાર્થિવ શરીરે તે વખતે હાજર જ હતા.

માતાજીને આવી અનુભૂતિ પહેલાં થઇ નહોતી. શ્રી અરવિન્દ બોલ્યા : ''સોનેરી શાંતિ''

માતાજી સમજી ગયાં કે આ અતિમાનસિક-શાંતિ છે અને તેથી સોનેરી પ્રકાશની તેમાં ઝાંય છે.

આ શાંતિ પાંત્રીસ મિનિટ રહી. શેરીમાં દૂરદૂર સુધી દર્શનાર્થીઓ શાંત અપેક્ષાથી માતાજી તરફ મીટ માંડીને ઊભા હતા. માતાજીને તેમના મનમાંના વિચારો જણાયા.

જગતમાં જે તીવ્ર સંઘર્ષ જાગેલો તે અને તેમાં ભારતની કપરી પરિસ્થિતિ બાબત તેઓ વધુ વિચારી રહ્યાં હતાં. તે પ્રાર્થનાના, વિચારોનાં આંદોલનો ઉપર ઊઠીને બાલ્કનીમાં આવતાં માતાજીએ જોયાં.

માતાજીને લાગ્યું આ વિષે ઉપાય કરવાનો અધિકાર શ્રી અરવિન્દને જ છે. તેમણે તેમને અગ્રભાગે આવવા કહ્યું. શ્રી અરવિન્દે આગળ આવતાં-આવતાં જવાબ આપ્યો :

''પ્રભુ શ્રેષ્ઠ રીતે જાણે છે કે તે શું કરી રહ્યાં છે.'' પ્રભુને પોતાનું સમગ્ર આયોજન ખબર જ છે. આપણે જાણતા નથી તેથી ચિંતા કરીએ છીએ.

શ્રી અરવિન્દે ઉપર મુજબનું વાક્ય બોલતાં જ ઉપર ઊઠેલાં આંદોલનો શમવા લાગ્યાં અને ફરી પેલી સોનેરી શાંતિ સ્થાપિત થઈ ગઈ.

ભારતને મજબૂત બનાવવાનો ઉપાય

ભારત અને સમગ્ર જગતમાં જે મુશ્કેલીઓ નિર્માણ થવાની છે તેનું દર્શન શ્રી અરવિન્દને અગાઉથી જ થયેલું. તેથી જ શ્રી અરવિન્દે, ભારતીય શિક્ષણ, ભારતના સંઘટનનો સિદ્ધાંત, ભારતનો જગતને સંદેશ આ બાબતની સંપૂર્ણ વિગતો આપણને પ્રથમથી જ આપેલી છે.

આપણે તેમનાં આ સંદેશને સમજી લોકોને તેમાં રસ કરતાં કરવા છે, તેમને શીખવવાનું છે, ઘડવાનું છે, લોકોને પ્રકાશ અને જ્ઞાન આપવાનો છે અને તે માટે અભ્યાસ, વર્ગો, પ્રવચનો, સેમિનાર, સંમેલનો ગોઠવવાનાં છે. આ બધાં સાધનરૂપ છે. સાહિત્યનું પ્રકાશન પણ કરવાનું છે.

તેનાં અભ્યાસમાં જ તમને ભારતની મુશ્કેલીઓનાં નિવારણની ચાવી મળશે.

પણ આ વસ્તુ શીખવતી વખતે તે પક્ષોનાં રાજકારણથી, આંતરરાષ્ટ્રીય-રાજકારણથી પર રાખવાનું છે. આ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જાગરણ-સ્વરૂપનું હશે. તેમાં નવા યુગમાં વસ્તુઓને આપણાં જીવન-ધ્યેયને અનુરૂપ ગોઠવવાની ક્ષમતા હશે. ધીમે ધીમે સંસ્થાઓ, લોકો, રાજ્ય-વ્યવસ્થા, ઔદ્યોગિક-ઉત્પાદન પદ્ધતિ અને સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક-વસ્તુઓ પણ તે મુજબ ગોઠવાશે. આ જીવનની નવીન ગોઠવણી બની રહેશે.

જો લોકો આ બધી વસ્તુઓ સમજશે અને અમલ કરશે તો ભારત એક મજબૂત. સુસંસ્કૃત, બલાઢ્ય, સમૃદ્ધ રાષ્ટ્ર તરીકે આગળ આવશે.

હાલમાં રાજકારણ સદા પક્ષ, સિદ્ધાંતો, પક્ષકીય ફરજોને લીધે મર્યાદિત થયેલ છે.

આપણે તેમાં પડવાનું નથી. આપણે કહેવાનું છે કે, ‘‘અમે કોઈ પક્ષનું પ્રતિનિધિત્વ કરતા નથી. અમે ફક્ત ભારતનું જ પ્રતિનિધિત્વ કરીએ છીએ.’’

આ કાર્યમાં ભારતીય પ્રાચીન સંસ્કૃતિએ જે સાંસ્કૃતિક-વારસો આપેલો છે તેને પાયા તરીકે ઉપયોગ કરવાનો અને તેની ઉપર નવા યુગને અનુસાર નવું ચણતર કરવાનું છે.

ભારત આ કાર્ય કરે એ પ્રભુની ઇચ્છા છે અને ભારતની નિયતિ પણ તેવી જ છે.

સાવિત્રી - શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

આ જગતે આપેલી નિરાશા

(Savitri B-1, C-5, P- 77-78)

Here chaos sorts itself into a world,
A brief formation drifting in the void:
A pings of knowledge, unfinished arcs of power,
Flamings of beauty into earthly shapes,
Love's broken reflexes of unity
Swim, fragment mirrorings of a floating sun.

સમગ્રજગતમાં અવ્યવસ્થા ઠેરઠેર ઊભરાઈ રહી છે પણ તે હજી સ્થાનિક કક્ષાની છે. એક બીજા સાથે જોડાયેલી નથી. વેર વિખેર છે પણ ધીમે ધીમે આ અવ્યવસ્થાના ઝૂમખા ધીમેધીમે પોતાને જોડીને પોતાની તાકાત વધારે મજબૂત અને સંઘટીત કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. (sorts) તેમના વેરવિખેર ઘડતરો (formations) તેથી સમગ્ર-જગતમાં અહિંથી ત્યાં જોડાવા માટે ઘૂમી (drifting) રહ્યાં છે તે જ્યાં અવકાશ દેખાય (void) જ્યાં મૂળીયાં ધારણ કરવાની શક્યતા દેખાય ત્યાં પહોંચી જાય છે. સામે પક્ષે જ્ઞાનનાં પણ ટૂકડાઓ સુસવાટા મારતાં (pings) અંતરિક્ષમાં પસાર થઈ રહ્યાં છે. તેમાં શક્તિ ભરપૂર છે પણ તે ટુકડાં એ હજી પૂર્ણજ્ઞાનમાં વિકાસ પામ્યા નથી જાણે અધૂરી બાંધેલી કમાનો જેવી તેમની સ્થિતિ છે તે જ્ઞાનના ટુકડાઓમાંથી સૌંદર્યનું તેજ પ્રગટ થઈ રહ્યું છે. (Flamings) તેમણે પણ પેલાં આદિ-વ્યક્તિઓની જેમ પાર્થિવ આકારો સ્વરૂપે ઘડતરો (earthly shapes) રચ્યાં છે તેમાં અમૂક દિવ્યક

ઘડતરો પ્રેમસ્વરૂપ પણ છે પણ તેની દ્વારા પ્રેમ જે એકરૂપતા અને એકતા ઝંખે છે તેનું અધૂરું-૪ પ્રગટીકરણ થાય છે (broken reflexes) તેઓ પણ અંતરિક્ષમાં જાણે તરી રહ્યાં હતાં તે જ્ઞાનનાં તરતાં ટુકડાઓ જાણે તરતા સૂર્ય જેવા લાગતા હતાં.

A packed assemblage of crude tentative lives
Are pieced into a tessellated whole.
There is no perfect answer to our hopes;
There are blind voiceless doors that have no key;
Thought climbs in vain and brings a borrowed light,
Cheated by counterfeits sold to us in life's mart,
Our hearts clutch at a forfeited heavenly bliss.

આવા તરતા સૂર્યો એ ખરેખર તો ખૂબ જ પ્રાથિમક જીવનના પ્રાદુર્ભાવોનો એક તૈયાર થયેલો (packed) જથ્થો (assemblage) હોય છે તેમાંથી જીવન પ્રગટ થવાની ક્ષમતા જરૂર છે. (tentative) તેમાં જ દરેકનો પોતાનો પ્રકાશરંગ બહાર પડી રહ્યો હોવાથી તે રંગબેરંગી મોઝેક ટાઈલ્સ જેવો દેખાય છે પણ તેમને જોતાં જે જીવનની આપણે અપેક્ષા અને ધારણા રાખીએ છીએ તેનો સંતોષકારક જવાબ મળતો નથી આનું કારણ છે.

પ્રકૃત્તિની ગૂઢ રચનામાં એવાં પણ દ્વારો છે જેમાંથી પ્રવેશ્યા બાદ આગળ ક્યાંક નિકળાતું જ નથી (blind doors) ત્યાં શાંતિનું વાતાવરણ જરૂર છે (voiceless) આગળ પ્રગતિની ચાવી ત્યાં મળતી જ નથી (no key) કારણ તેમાંથી ઉપર જવાય છે પણ તે વ્યર્થ પ્રયત્ન હોય છે. તેમાંથી સાચી ચેતનામાંથી ઉછીનો લીધેલો પ્રકાશ જ મળે છે તે ખરેખર સત્યનાં ડુપ્લીકેટ ઘડતરો હોય છે જે જીવનની બજારમાં વેચાય છે અને આપણે છેતરાતા હોઈએ છીએ.તેને કારણે એક પ્રકારનો ડુપ્લીકેટ એવો કૃત્રિમ સ્વરૂપનો નકલી દિવ્ય-આનંદ પ્રાપ્ત થાય છે અને તેનાં મોહમાં આપણાં દિલ ફસાતા હોય છે.

There is provender for the mind's satiety,

There are thrills of the flesh, but not the soul's desire.
Here even the highest rapture Time can give
Is a mimicry of ungrasped beatitudes,
A mutilated statue of ecstasy,
A wounded happiness that cannot live,
A brief felicity of mind or sense -
Thrown by the World-Power to her body-slave,
Or a simulacrum of enforced delight
In the seraglios of Ignorance.

તેવા વ્યર્થ પ્રયત્નોમાં મનના સંતોષને જાણે ચારો (provender) નાખવામાં આવેલો હોય છે તેમાં શારીરિક ઉત્તેજના (thrills) અનુભવે છે, પણ તેમાં આત્માને સંતોષ પ્રાપ્ત થતો નથી. આત્માની ઝંખના તૃપ્ત થતી નથી. આમાં જે ઉત્તમોત્તમ આનંદ મળે છે તે પણ અંતે તો પેલા દિવ્ય આનંદની એક હાસ્યાસ્પદ નકલ જ બની રહે છે જે પ્રાપ્ત કરવી ખૂબ જ મુશ્કેલ છે તે ખરેખર તો તે દિવ્ય-આનંદની વિકૃત-પ્રતિમા જ બની રહે છે. તે એક એવો ઘાયલ થઈ નબળો પડી ગયેલ આનંદ છે જે વધારે સમય જીવી જ શકતો નથી તે એક મન કે ઈન્દ્રિયોની પસંદગીનો ટુકડો હોય છે. જે વિશ્વ-શક્તિએ શરીરના ગુલામને ભેંટ તરીકે આવેલો હોય છે. તે એક પરાણે મેળવેલ દિવ્યાનંદની હુબેહુબ પ્રતિમા હોય છે જેમાં કોઈ જીવંતતા જણાતી નથી (......) તે જાણે અજ્ઞાનની મહારાણી માટે ઊભો કરેલો રાણીવાસ હોય છે

For all we have acquired soon loses worth,
An old disvalued credit in Time's bank,
Imperfection's cheque drawn on the Inconscient.
An inconsequence dogs every effort made,
And chaos waits on every cosmos formed:
In each success a seed of failure lurks.

આપણે જે કાંઈ મેળવેલું હોય છે તેની ઉપયોગીતા નષ્ટ થઈ જતી હોય છે.

સમયની બેંકમાં જેની વિશ્વસનીયતા ઘટી ગઈ છે તેવું નિર્મૂલ્ય તે બની જાય છે. તે અચિત ઉપર અધૂરો લખેલો ચેક છે, જેમાં ચેક લખનાર અને જેની ઉપર લખેલ છે તે બન્નેની બેંકમાં કોઈ કિંમત જ નથી જેમાં દરેક પ્રયત્નની પાછળ જાણે દુષ્પરિણામો હાથ ધોઈને પડી ગયા છે અને તેથી નવાં રચાયેલાં જગતને ઝડપી લેવા જાણે અવ્યવસ્થા વાટ જ જોતી હોય છે તેમાં નાનકડા મળેલા યશમાં પણ અપયશનાં બીજ વાવેલાં જ છે.

He saw the doubtfulness of all things here,
The incertitude of man's proud confident thought,
The transience of the achievements of his force.

તેને આ જગતમાંની દરેક વસ્તુ ઉપરનો વિશ્વાસ ઊડી ગયેલો હોવાથી તે દરેક બાબતને શંકાથી જોવે છે તેને માનવનો બુદ્ધિનું વિશ્વાસપૂર્ણ અભિમાનમાં પણ અનિશ્ચિતતા લાગે છે તેને યશ મેળવી આપનાર ક્ષમતા આજે છે આવતીકાલે રહેશે કે નહિ તેની ખાતરી નથી તેને તે ક્ષમતા ક્ષણજીવી (transience) લાગે છે.

સારાંશ અશ્વપતિને જ્યાં ત્યાં નિરાશા અને અશાશ્વતિનાં જ દર્શન થઈ રહ્યાં છે તેને જે આત્માનો પ્રકાશ, આનંદ જોઈએ છે તેનો સર્વત્ર દુષ્કાળ જ જણાય છે.

(અનુ. પૃ.પ ઉપરથી)

પુરુષોત્તમ ચેતનાનો સાક્ષાત્કાર

૮ જીવનને સંઘટિત, આલોકિત કરવાનું રૂપાંતરનું કાર્ય શરૂ થયું.

૯ સૃષ્ટિ સાથેના તાદાત્મ્યનો ઉપયોગ યોગ-જીવનમાં થવા લાગ્યો.

૧૦ દિવ્ય સંકલ્પના આવિર્ભાવ પ્રક્રિયાનું જ્ઞાન ક્ષણેક્ષણ મળવા લાગ્યું.

૧૧ પ્રકૃત્તિનાં મંદ અને અનિશ્ચિત યોગને વેગ આપવાનો કીમિયો જાણ્યો.

૧૨ મન, પ્રાણ, શરીરનાં બધાં જ વ્યક્તિગત અને સામૂહિક કાર્યોમાં પણ પ્રભુનો સ્પર્શ મળવા લાગ્યો.

૧૩ અવિચળ સનાતન આનંદની સ્થાપના.

યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

યોગચક્રો અને તેનાં કાર્યો

(ભાગ.૧, પૃ.૪૦૭-૪૧૧)

પ્રકરણ - ૨૫

અવતરણો

સમજૂતી - માનસિંહ ચાવડા

વેદોમાં ૪૯ વાયુ દર્શાવેલા છે. વાયુ એટલે પ્રકાશરંગની લહેર અથવા આંદોલન. આધુનિક વૈજ્ઞાનિક ભાષામાં કહેવું હોય તો Wave-Theory of Light વેદો તેને 'છંદ' કહે છે. છંદ એટલે લય, Rythem. આવા ૪૯ છંદ + મૂળ પ્રકાશ મળીને કુલ ૫૦ થાય છે.

યોગચક્રોનાં કાર્યો નીચે મુજબનાં છે :

ચક્ર	કાર્ય
૧ **સહસ્રાર:**	આલોકિત મન, અધિમનસ, પ્રકાશ, શક્તિ, શાંતિની અનુભૂતિઓ.
૨ **આજ્ઞા:**	ઊર્ધ્વમન, સંકલ્પશક્તિનું કાર્ય, ચિત્તનું માનસપ્રતિમા રચવાનું કાર્ય, સૂક્ષ્મદર્શન.
૩ **વિશુદ્ધિ:**	મનની એકાગ્રતા અને શુદ્ધિ, સુંદર અભિવ્યક્તિ, વિચારો અને ભાવનાની સંસાર તરફ નિર્લેપતા અને સમતા.
૪ **અનાહત:**	ભક્તિભાવ, ઊર્મિમય - અવસ્થા, ઊર્ધ્વપ્રાણનાં કાર્યો, લોકસેવા કે નિષ્ઠાના ભાવો.
૫ **મણિપુર:**	ભૌતિક-જીવનની મહત્ત્વાકાંક્ષાઓ, પ્રાણમય મહત્ત્વાકાંક્ષાઓ (કીર્તિ, સત્તા)

૬ **સ્વાધિષ્ઠાન:** નિમ્નપ્રાણનાં કાર્યો, વાસનાઓ.

૭ **મૂલાધાર:** શારીરિક-ચેતનાનાં કાર્યો.

(ચક્રોનાં મૂળભૂત પ્રકાશરંગો બાબત સ્પષ્ટ નિર્દેશો મળતા નથી, તેના નીચેનાં કારણો છે.)

૧ દરેક કેન્દ્ર શરીરના અમૂક ભાગનું નિયંત્રણ કરે છે. તેમાંનાં કોષોને એક જ સમયે વિવિધ પ્રકારની મનોદશા હોવાથી તે પોતાની મનોદશા મુજબ પ્રકાશ રંગ ઉત્સર્જીત કરે છે..... આ બધાંનું સામૂહિક પરીણામ સ્વરૂપે જે તે ચક્ર પ્રકાશિત થાય છે. જે ક્ષણે જે પ્રકાશરંગનો અનુભવ યોગી કરે છે તેને તે તે યોગચક્રનો પ્રકાશરંગ ગણે છે. જે ખરેખર તત્કાલીન પ્રકાશરંગ હોય છે, ન કે કાયમી સ્થિતિ.

૨. એક જ અનુભવમાં એક જ યોગચક્ર સહભાગી થાય છે તેવું પણ નથી. એકથી વધારે યોગચક્રો સામૂહિક રીતે એક જ અનુભૂતિને પ્રકાશરંગ તરીકે પ્રગટ કરે છે ત્યારે તેમાં એકબીજા ઉપર પરીણામ થયેલું હોય છે. આ પણ તે યોગચક્રની સહજ સ્થિતિ અને સહજ પ્રકાશરંગ હોતો નથી.

૩ વાસ્તવિકતા એ છે કે જ્યારે સાધક પરમ-ચેતના સાથે સમાધિમાં એકરૂપ હોય ત્યારે દરેક યોગચક્ર તે અનુભૂતિને પોતાનાં પ્રકાશરંગ તરીકે પ્રગટ કરે છે. તે જ તે ચક્રની સામાન્ય અને સહજ સ્થિતિ ગણાવી જોઈએ.

(તે બાબતનાં અન્યત્ર જે પ્રકાશરંગોનો ઉલ્લેખ છે તે નીચે મુજબનો છે :)

(૧) સહસ્રાર - શ્વેતપ્રકાશ અથવા હીરક (૨) આજ્ઞા - આછો નીલ અથવા સુવર્ણમય (૩) વિશુદ્ધ - ઘાટોનીલ (નીલકંઠ) (૪) અનાહત - જ્યોત જેવો પીળો અથવા ઉપરની બાજુ લીલો અંદર ગુલાબી (૫) મણિપુર - સિંદુરિયો (૬) સ્વાધિષ્ઠાન - લાલ (૭) મૂલાધાર - જાંબલી (૮) અવચેતન - શ્યામ (ગોઠણ) (૯) અચેતન - કૃષ્ણ (પગની પાની)

(ત્રણ સૂર્યચક્રોનાં પ્રકાશ રંગ - હીરક (મસ્તકની ઉપર), સુવર્ણ (ભ્રુમધ્ય) અને જ્યોત જેવો પીળો (હૃદય) દર્શાવેલો છે - લેખક)

ઉપનિષદો - શ્રી અરવિન્દ

મહાન આત્મવિકાસ

(ઉપનિષદો, પૃ.૧૬૧-૧૬૪)

1 The life in which we dwell is not the whole or the chief part of our existence. It is an outward fringe. P. 161

2 A superconscient existence has developed... this partial and fragmentary consciousness. P. 161

3 To rise our of this external and surface consciousness towards superconscient is our progress. P. 161

4 Superconscient... uses this because nothing is external to it. P. 161

5 Our life is a thing of discords at war with itself and its environment. P. 162

6 This superconscient existence... is the lord of the Isha Upanishad who inhabits all the creations of his force. P. 162

7 The mortal life is a dual representation of that with two conflicting elements in it, negative and postitive. Its negative elements are death, suffering, incapasity etc. positive elements are force, delight, love, infinity. The positive elements suggest what brahman is, the victory of

gods is the victory of the brahman over its own self negations P. 162

8 Our pursuit of the positive elements of this existence, our worship of the gods of the mind is only preparatory, P. 163

9 An accomplished thought-power and thought- aquisition (Dhairya) is to go beyond mind itself to the eternal. P. 163

આપણે જે મનોમય, પ્રાણમય, પાર્થિવ ચેતનામાં જીવીએ છીએ તૈ આપણાં અસ્તિત્વનો પ્રમુખ ભાગ નથી. તે તો આપણાં અસ્તિત્વની બહારની કિનારી માત્ર છે. એક અતિચેતન અસ્તિત્વે તે જીવનનો ભાગ રચેલો છે. તે જ તેનો આધાર પણ છે અને તેનું સંચાલન પણ તે જ કરે છે. આ બાહ્ય અને ઉપરછલ્લાં અસ્તિત્વમાંથી પેલા અતિચેતન અસ્તિત્વમાં વિકસવું એ જ પ્રગતિ છે.

ઉપનિષદ આ હાલના જીવનને ભ્રમ ગણતું નથી પણ અધૂરું અને નિમ્ન પ્રકારનું ગણે છે. હાલનું આપણું મન એ અતિચેતન જ્ઞાનની છાયા માત્ર છે. તે જ તેને ધારણ કરે છે, વાપરે છે; કારણ તે કાંઈ તેની બહારની વસ્તુ નથી.

એક સર્જક અને દૃષ્ટા શબ્દે જે રૂપો ઘડ્યાં છે તેને જ મન અને વાચા પોતે પ્રગટ કરવા મથી રહ્યાં છે. આપણી ઈન્દ્રિયો પણ તે મૂળ ઈન્દ્રિયોનું ખોટું પ્રતિબિંબ માત્ર છે. તે મૂળ ઈન્દ્રિય તો અતિમનસે પોતાનાં આનંદમય ક્રિયાથી રચેલી દિવ્યવસ્તુઓને ભોગવવાનું સાધન માત્ર છે અને તે સાધન છે પેલાં અસીમ, દિવ્ય અસ્તિત્વનું.

આપણું જીવન તો પોતાની અને આસપાસનાં વાતાવરણ સાથે થતાં વિસંવાદી સંઘર્ષનું સ્વરૂપ માત્ર છે. તે પેલા પરમતત્ત્વની એક ખંડિત ક્રિયા માત્ર છે.

આ અતિચેતન અસ્તિત્વ છે તે એક જ અખંડિત વસ્તુ છે. પોતાની અનંત શાંતિથી સ્વસભાન છે, તેમ જ પોતાનાં પેલાં સર્વજ્ઞ અને સર્વશક્તિમાન જીવનશક્તિ બાબત પણ સભાન છે. તેમ જ તે આ વૈશ્વિક-અસ્તિત્વ બાબત પણ

સંપૂર્ણ સભાન છે. તે ઈશોપનિષદમાં જણાવેલાં પ્રભુ છે, જે દરેક સમગ્ર સર્જનાત્મક વસ્તુમાત્રમાં અંતર્યામી રહેલાં છે.

આપણું જીવન તેનાં જ નકારાત્મક અને હકારાત્મક પાસાંનાં સંઘર્ષનું સ્થાન છે. તેનાં નકારાર્થી પાસાંમાં મૃત્યુ, યાતના, દુઃખ, ઘડપણ, નબળાઈ, અક્ષમતા, વિભાજન વગેરેનો સમાવેશ થાય છે. તેનાં હકારાત્મક પાસામાં અમરતા, બળ, પ્રેમ, એકતા, અસીમતા, આનંદનો સમાવેશ થાય છે. હકારાત્મક પાસું બ્રહ્મતત્ત્વનો સ્વભાવ દર્શાવે છે. હકારાત્મક પાસાંનો વિજય એટલે જ દેવોનો વિજય છે. તેમાં બ્રહ્મતત્ત્વનું હકારાત્મક પાસું તેના જ નકારાત્મક પાસાં ઉપર વિજય મેળવે છે.

આપણે મૂળ સાચા દિવ્ય - જીવનને પ્રાપ્ત કરવા આ સંઘર્ષને વટાવી જવો પડશે. હકારાત્મક પાસાંને અનુસરવાથી તે થશે, પણ હકારાત્મક પાસું અર્થાત્ દેવોની પૂજા, વ્રતો વગેરે એ બધાં તો પ્રાથમિક તૈયારી માત્ર છે.

દા.ત. મનનો પૂર્ણ વિકાસ કરીને ધીર બનવું એ આપણું ધ્યેય નથી. આપણે હકારાત્મક પાસાંને પૂર્ણ વિકસાવી તેની પણ પેલેપાર જવાનું છે, તો જ તમે સનાતન તત્ત્વને પામશો. સાચા જાણકારો તેની પાર ચાલ્યા જાય છે. આવી પ્રગતિ માટે ઉપનિષદો બે શબ્દો વાપરે છે - એક, મૃત્યુનો રસ્તો, બીજો, જીવનરથ સાથે જોડેલાં પ્રાણરૂપ અશ્વનો આગળનો પ્રવાસ. આપણી પ્રાથમિક તૈયારી આ મર્ત્યજગતમાં જ કરવાની છે જેમાં જન્મમૃત્યુના ક્રમોમાંથી જ પસાર થવાનું હોવાથીઆ મૃત્યુનો માર્ગ છે. પ્રાણની શક્તિને અશ્વની ઉપમા આપી છે તેનું એક કારણ બન્નેની વેગવાન, જલદ ગતિ છે. તે સિવાય અશ્વ શબ્દના મૂળ ધાતુઓ આશ = ઈચ્છા, અશન = ગળી જવું, પચાવવું, આશુ = ફેલાવું. આ ત્રણે અર્થો પણ પ્રાણની ક્રિયાને લાગુ પડે છે, તેથી પ્રાણને અશ્વની ઉપમા ઉપનિષદો આપે છે. મૃત્યુનું જીવન વટાવી જવું એટલે આપણું મૃત્યુ વિષેનો દૃષ્ટિકોણને ત્યાગી તેનાં સાચા સ્વરૂપને સ્વીકારવું.

અર્યમા અને ભગનું સ્વરૂપ
(મુક્તિ અને આનંદની પ્રાપ્તિ)

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૩૦-૧૩૪)

પ્રકરણ -૧૭

સમજૂતી - માનસિંહ ચાવડા

છતાં અમૂક સૂક્તમાંની ફક્ત છ ઋચાઓમાં અર્યમાનો ઉલ્લેખ આવેલ છે, તેનો પણ આપણે અર્યમાનું સ્વરૂપ તથા કાર્ય સમજવામાં ઉપયોગ કરશું જ.

વૈદિક - પરંપરા બાદની પરંપરામાં અર્યમાને પિતૃઓમાં પ્રમુખ તરીકે ગણેલ છે. પુરાણોમાં યમરાજાને પિતૃઓમાં પ્રમુખ ગણેલ છે. આનો અર્થ યમ અને અર્યમાનો કોઈક સંબંધ છે. યમનાં બે સ્વરૂપ છે - યમરાજા અને ધર્મરાજા. એક અવચેતનમાં અદિવ્ય પ્રકૃત્તિમાં કામ કરતું સ્વરૂપ છે. બીજું દિવ્ય પ્રકૃતિમાં. હવે પિતૃઓમાં પણ ત્રણ મુખ્ય પ્રકાર છે - દિવ્ય પિતૃઓ, દિવ્ય માનવ પિતૃઓ અને પિતૃઓ. દિવ્ય પિતૃઓ એટલે દેવો. તેઓ માનવજાતિ પહેલાં જન્મ્યાં અને દિવ્ય છે તેથી તેઓ દિવ્ય - પિતૃઓ. દિવ્ય - માનવ પિતૃઓ એટલે પૂર્વજો જે માનવ તરીકે જન્મ્યાં પણ સાધના દ્વારા જેમણે દિવ્યતા ધારણ કરી લીધી છે અને સૂક્ષ્મ જગતોમાં અમર - જીવન પ્રાપ્ત કરેલ છે. તેઓ હજી માનવજાતનાં વિકાસમાં કાર્યરત છે. આમાં વેદોમાં ઉલ્લેખેલાં આંગિરસો, ઋભુઓ તથા અન્ય ઋષિઓનો ઉલ્લેખ આવે છે. ફક્ત પિતૃઓ એટલે એવા જે આપણા પૂર્વજો છે પણ હજી દિવ્યતા પ્રાપ્ત કરી શકેલ નથી.

વેદકાળમાં અમૃતત્ત્વ પ્રાપ્ત કરેલાં પિતૃઓને જ દિવ્ય પિતૃઓ કહેતાં.

તેમના પ્રમુખ છે અર્યમા. અને જે ફક્ત પિતૃઓ છે તેમનાં પ્રમુખ છે યમ.

આપણો ભાવ એવો છે કે એક જ દેવનાં આ બે ભિન્ન પાસાં છે અથવા સ્વરૂપ છે. કૃષ્ણે વિભૂતિયોગમાં (ગીતા) પિતૃણામહમર્યમા (પિતૃઓમાં હું અર્યમા છું.) એવો ઉલ્લેખ આ જ અર્થમાં કરેલ છે.

અર્યમા માનવજાતિનાં વિકાસમાં કાર્યરત છે. આ વૈદિક શ્રદ્ધા જ વિસ્તાર પામીને થિયોસૉફીમાં એવું જ્ઞાનીઓનું મંડળ કલ્પ્યું છે જેઓ માનવ- જાતિનાં વિવિધ પાસાંઓનાં વિકાસ માટે કાર્યરત છે અને હિમાલયમાં રહે છે. તેમાં હવે તો અશ્વિનિકુમાર, બુદ્ધ, મનુ, ઈશુ આમનો પણ સમાવેશ થઈ ગયો છે. પણ વેદો તો આ બધાંની પાછળ પાર્શ્વભૂમિમાં કાર્ય કરતી દિવ્ય - શક્તિઓનાં કાર્યની વાત કરી રહ્યાં છે. આ બધાં સ્વરૂપો તો તેનાં કાર્યનાં વ્યક્તિસ્વરૂપ આવિર્ભાવ કેન્દ્રો છે.

તેથી અર્યમાને આધ્યાત્મિક પથ-દર્શક, માર્ગના નેતા ગણ્યાં છે. એક ઋચામાં અર્યમાનાં કાર્યનું વર્ણન નીચે મુજબ આવે છે : ‘અભંગ માર્ગવાળો, અનેક રથવાળો, વિવિધ સ્વરૂપોનાં જન્મોમાં સપ્તવિધ યજ્ઞના કરનાર તરીકે રહે છે. (૧૦-૬૪-૫) આનો અર્થ સમજી લઈએ.

દરેક સાધકની સાધનાની કેડી તેની પ્રકૃત્તિનાં ગુણદોષ અનુસાર કંડારાયેલી હોય છે. તેથી તેવા અસંખ્ય સાધના પ્રકારો અને સાધના પ્રણાલીઓ નિર્માણ થાય છે. પણ આ બધી કેડીઓ તદ્દન અલગ અને અંતિમ કક્ષા સુધી સ્વતંત્ર રહેતી નથી. એક પ્રણાલી આગળ જઈને બીજી પ્રણાલીમાં મળી જાય છે. અંતે તો દરેક સાધકનો એક જ અખંડ એવો સાધનાનો વિવિધ તબક્કાનો વાંકોચૂકો માર્ગ બની રહે છે. અર્યમા આવા સાધકોને ધીમે ધીમે એક કેડી ઉપરથી બીજી કેડી ઉપર તેની સમજણ વિકસાવી આગળ ધકેલે છે. સાધકને તો એમ જ લાગે છે જાણે પોતે એક સાધના પ્રકાર છોડી બીજો સાધના પ્રકાર સ્વીકાર્યો, પણ તે વાસ્તવિકતા નથી. તેની પોતાની સાધનાનો માર્ગ સાંધીને અખંડ રાખવાનું કાર્ય

અર્યમા કરે છે.

અનેક રથોવાળાનો અર્થ છે અર્યમા વિવિધ માનવી - સ્વરૂપો દ્વારા પોતાનું કાર્ય કરતો હોય છે. તે સ્વરૂપો જ તેનાં વાહક - રથ - બની જતાં હોય છે, તેથી અનેક રથોવાળો.

અર્યમા ઉત્ક્રાંતિને આગળ ધપાવવા પોતાનાં જ અંશને કોઈ વ્યક્તિ સ્વરૂપે જન્મ આપીને પોતાનું પ્રત્યક્ષ કાર્ય કરતો હોય છે. આ સત્ય જ થિયોસોફીનાં ઉપરોક્ત શ્રદ્ધાને પોષક છે. બુદ્ધ, ઈશુને આ સ્વરૂપે તેમાં સ્વીકાર્યા છે.

માનવમાં જ સપ્તયોગ ચક્રો દ્વારા સપ્ત - જગત રહેતું હોય છે. દરેક યોગ ચક્ર એ સપ્તલોકમાંનાં એક લોકનું પ્રવેશદ્વાર જ છે. તેની દ્વારા આપણે તે લોકમાં કાર્ય કરી શકીએ છીએ અને તેની દ્વારા જ તે લોકનાં સત્ત્વો આપણને પ્રભાવિત કરતા હોય છે. માનવી - સ્વરૂપ સપ્તલોકનું જાણે જંકશન છે ! દેવોએ તેથી જ માનવ-સ્વરૂપને પોતાનાં કાર્ય માટે પસંદ કરેલું એવું વર્ણન વેદોમાં મળે છે.

આ સાતે ચક્રોને અને તેનાં લોકને આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં જોડવાનું કાર્ય અર્યમા કરે છે. આવી રીતે સાત પ્રકારે ઉત્ક્રાંતિને આગળ વધારવી એ જ યજ્ઞ છે. ઉત્ક્રાંતિ પોતે જ યજ્ઞસ્વરૂપ છે. એક-એક લોક ક્રમશઃ નીચે અવતરણ પામીને જાણે ભૌતિક જગત દ્વારા પ્રગટ થવા પ્રયત્ન કરી રહ્યું છે. અત્યાર સુધી ભુ, ભૂર્વ, સ્વઃ ત્રણ લોક ભૌતિક જગત દ્વારા પ્રગટ થયાં જ છે. ભૌતિક જીવન, ભાવનિક જીવન અને માનસિક - જીવન આ તે ત્રણ લોક છે.

હવે મહર્લોક અર્થાત્ ચેતનાની વિશાળતા પ્રગટ કરવાનું કાર્ય શરૂ થયું છે. માનવજાતિ એક થઈ રહી છે. સમગ્ર માનવતાને લક્ષ્યમાં રાખી જીવનને ઢાળવા પ્રયત્ન કરી રહી છે. મહ એટલે વિશાળ જીવન. આ ચેતનાની વિશાળતા જ તેઓમાં આધ્યાત્મિકતાનો ભાવ જન્માવે છે. તે જનલોકનો આવિર્ભાવ ગણાશે. જન એટલે જન્મવું. તે પછી તે આધ્યાત્મિકતાનાં અંકુરને

વિકસાવવા સવિશેષ પ્રયત્નો થશે અને તેમને મહત્ત્વ અપાશે તે જ તપોલોક છે. તપ એટલે નિષ્ઠાથી એક કાર્ય માટે શ્રમ કરવો. અંતે, જીવનનું સત્ય પ્રગટ થશે. તે સત્યલોક છે. દિવ્ય - જીવન એ જ સત્યલોક છે.

આવી રીતે ઉત્ક્રાંતિરૂપી યજ્ઞનાં સાતે તબક્કાને વિકસાવવાનું કાર્ય અર્યમા કરી રહ્યાં છે. અંતિમ લક્ષ્ય છે, પ્રકૃત્તિનાં બધાં જ બંધનોમાંથી મુક્તિ, ચેતનાનો સમગ્રતાપૂર્ણ આવિર્ભાવ - બ્રહ્મભાવ, સત્યનો આવિર્ભાવ, સત્યલોક જેને વેદ 'સ્વર્ગ' કહેતા. સ્વર્ગનો અર્થ છે આત્મતત્ત્વના પોતાના સ્થાને પાછા ફરવું (સ્વ + ગ)

આવી રીતે આપણાં અસ્તિત્વનાં સપ્તવિધ તત્ત્વોને, ચેતના પ્રકારોને લોકોને, સમગ્રતાથી, પરિપૂર્ણ રીતે વિકસાવી પ્રગટ કરવા એ અર્યમાનું કાર્ય ગણેલ છે. અર્યમા વિવિધ દેવોને પોતપોતાનું કાર્ય કરવા માટે માનવી-સ્વરૂપોનાં તત્ત્વોનો ઉઘાડ લાવવાનું કાર્ય કરે છે. આજની ભાષામાં કહેવું હોય તો સાધકના સમર્પણભાવને વિકસાવવો એ અર્યમાનું કાર્ય છે.

(અનુ. પૃ.૩ ઉપરથી) **પ્રાર્થનાઓ અને ધ્યાન**

તત્ત્વ સાથે પણ પૂર્ણ તાદાત્મ્ય પ્રાપ્ત કરવાનું છે. પ્રભુના શાશ્વત સંકલ્પનું મારે જ્ઞાન મેળવવાનું છે..... તેમનાં દિવ્ય સંકલ્પને સિદ્ધ કરવામાં મારે સમર્થ માધ્યમ બનવાનું છે. પ્રાણને, મનને, શરીરને, પ્રેમને, સત્યધર્મને અનુસાર ઘાટ આપવાનો છે..... પ્રકૃત્તિનાં મંદ, અનિશ્ચિત યોગને ઝડપી બનાવી ઉત્કટ, નિશ્ચિત રૂપ આપવાનું છે. મન, પ્રાણ, શરીરની હરેક ક્રિયા અને કર્મની પાછળ શાશ્વત સંકલ્પ પ્રત્યેનો સમર્પણ ભાવ રચવાનો છે. એક ઊંડો, શાંત, અવિચલ આનંદને મારામાં સ્થાપિત કરવાનો છે. મારી ચેતનાને પ્રાણરૂપે, ચિત્તને પ્રાણનાં સંઘટન કાર્ય તરીકે, પ્રેમને ચિત્તની આલોકિતતા રૂપે વ્યક્તિગત કામમાં કે સામૂહિક કામમાં સ્થિર કરવાનાં છે. તેમાં શાશ્વત સાક્ષી ચેતનાનું (અક્ષર પુરુષ) અને ક્ષર પ્રવૃત્તિઓનું (ક્ષર પુરુષ) મિલન સાધીને પુરુષોત્તમ પરાત્પર ચેતનામાં જ સ્થિર થવાનું છે.

શ્રી અરવિન્દ : પોતા વિષે
- શ્રી અરવિન્દ

યોગ-શક્તિની નક્કરતા

પ્રકરણ - ૪૬

(પૃ.૧૯૭-૧૯૯)

અવતરણો

સમજૂતી - માનસિંહ ચાવડા

1 The invisible Force producing tangible results both inward and outward is the whole meaning of the Yogic consciousness. P. 197

2 If we had not had thousands of experiences showing that the power within could alter the mind, develop its powers, add new ones, bring in new ranges of knowledge, master the vital movements, change the character, influence men and things, control the conditions and functionings of the body, work as a concrete dynamic Force on other forces, modify events, etc etc, we would not speak of it as we do. P. 197

3 It is not only in its results but in its movements that the Force is tangible and concrete. P. 197

4 When I speak of feeling Forces of Power, I do not mean simply having a vague sense of it, but feeling it concretely and consequently being able to direct it, manipulate it, watch its movements, be conscious of its mass and intensity and in the same way of that of other, perhaps

opposing Forces. P. 198

5 These (the conditions and limits under which Yoga has to be worked out) including the will, receptivity, assent, self-opening and surrender of the Sadhaka have to be respected by the Yoga-force, unless it receive a sanction from the supreme to override everything and get something done. P. 198

દિલીપકુમાર રૉયે ગ્રામોફોનના શોધની વાત શ્રી અરવિન્દને કહી. શ્રી અરવિન્દે પત્રમાં જવાબ આપ્યો કે તેઓ જે યોગિક શક્તિનું દબાણ ભૌતિક - જીવનને બદલવા લાવી રહ્યાં છે તેનું તે પરીણામ છે. યોગિક - ચેતના પોતે અદૃશ્ય હોય છે. તેનું બળ પણ તેવું જ અદૃશ્ય અને તેનું કાર્ય પણ તેવું જ અદૃશ્ય હોય છે. તેના પરીણામો ઘણી વખત આંશિક સ્વરૂપે ભૌતિકસ્તરે પ્રગટ થાય છે પણ તેના અદૃશ્ય પરીણામો પણ વિશાળ પાયે થતાં હોય છે.

પણ આ મેં કર્યું એવો અહંકાર માનવે ન જ લેવો જોઈએ. આ યોગિક - શક્તિ વાપરનારના કલ્પનામાં ન આવે એવા પરીણામો લાવે છે..... તે શક્તિ પ્રભુના આયોજનને અનુસરીને કાર્ય કરે છે.

શ્રી અરવિન્દ અને શ્રી માતાજી યોગિક-શક્તિઓની પરીણામકારકતા બાબત ખૂબ જ આત્મવિશ્વાસથી બોલતા કારણ તેમને તેનાં હજારો અનુભવો આવેલાં હતાં. તેમણે નીચેનાં ક્ષેત્રમાં તેમનાં વાસ્તવિક પરીણામો આવતા જોયા હતાં. :

(અ) મન ઉપર નીચેનાં ક્ષેત્રમાં તે કાર્ય કરે છે :

(૧) મનમાં રૂપાંતર લાવવું (૨) તેની હયાત ક્ષમતાઓને વધુ વિકસિત કરવી. (૩) નવી ક્ષમતાઓ મનમાં વિકસાવવી. (૪) જ્ઞાનનાં નવા ક્ષેત્રો વિકસાવવાં.

(બ) પ્રાણ વિષે નીચેનાં ક્ષેત્રમાં તે કાર્ય કરે છે :

(૧) પ્રાણમય ગતિવિધિઓને નિયંત્રણમાં રાખવી. (૨) પ્રાણમય

ચારિત્ર્યમાં રૂપાંતર લાવવું (૩) માનવો અને વસ્તુઓમાં ફેરફારો લાવવા.

(ક) શરીરના નીચેના ક્ષેત્રમાં તે કાર્ય કરે છે.

(૧) શરીરની સ્થિતિ અને તેની આંતરિક-પ્રક્રિયાઓ ઉપર નિયંત્રણ કરવું (૨) તેને સંરક્ષણ આપવું.

(ડ) બાહ્ય - પરિસ્થિતિ ઉપર નીચેનાં ક્ષેત્રમાં કાર્ય કરે છે :

(૧) અન્ય વૈશ્વિક - શક્તિઓ ઉપર એક સક્રિય શક્તિ તરીકે કાર્ય કરવું. (૨) બાહ્ય ઘટનાઓને બદલી નવી દિશા આપવી.

યોગિક - શક્તિનાં પરીણામો જેમ વાસ્તવિક રીતે અનુભવાય છે તેમ અભ્યાસથી તેની ગતિવિધિઓ પણ વાસ્તવિક રીતે અનુભવી શકાય છે.

શ્રી અરવિન્દ જ્યારે જ્યારે યોગિક શક્તિના બળને અનુભવી રહ્યાં છે એમ કહેતાં ત્યારે તેઓ કાંઈ અસ્પષ્ટ લાગણી માત્ર અનુભવે છે એમ નહોતા કહેવા માંગતાં પણ તે નક્કર રીતે અનુભવતાં. તેઓ તેને નવી દિશા આપતાં, તેને નિયંત્રણ કરી ઘટનાક્રમ નિશ્ચિત કરી શકતા, તેની ગતિવિધિને ભૌતિક વસ્તુની ગતિવિધિની જેમ જોઈ શકતાં, તે કેટલાં પ્રમાણમાં છે અને તેની તીવ્રતા કેટલી છે તે પણ જોઈ શકતાં હતાં. તેઓ વિરોધી - બળોની પણ તેમ જ અન્ય વ્યક્તિઓના બળોની પણ આ જ વસ્તુઓ જાણી શકતાં.

દરેકને સાધના કરવા જે આંતરિક અને બાહ્ય પરિસ્થિતિ મળેલી હોય છે, તે કાંઈ આકસ્મિક નથી હોતી પણ સાધનાની જરૂરિયાત ધ્યાનમાં લઈને પ્રભુએ રચેલી હોય છે. એમ કહો કે યોગીના આત્માએ જ પોતે માંગેલી હોય છે. તેનો આધાર યોગીની ગ્રાહકતા, ઊર્ધ્વગતિની ક્ષમતા, ઉઘાડ કરવાની ક્ષમતા, સમર્પણની માત્રા વગેરે ઉપર આધાર રાખે છે. આ આયોજનનો યોગિક-શક્તિ સાદર સ્વીકાર કરીને પોતાનાં કાર્યની મર્યાદા પોતે જ સ્વીકારી લેતી હોય છે. પણ જો ઉપરથી પરમ-ચેતનાનો આદેશ જ આવે કે અમુક વસ્તુ નિર્માણ કરવાની જ છે તો તે મુજબ જ કાર્ય કરવા માંડે છે. પણ આવા પ્રસંગો અપવાદાત્મક જ બને છે.

યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

પૂર્ણ-યોગની મૂળ વિચાર રેખા

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૫૭

સમજૂતી – કમલેશ માંડવિયા

- ...... આ સાધના પાછળની મૂળ વિચાર રેખા, બે વસ્તુઓ સૌથી વધુ અગત્યની છે. પૃ.૫૨
- .....૧. હૃદયના કેન્દ્રનું એટલે કે ચૈત્ય કેન્દ્રનું એમની પાછળ અને એમનાથી ઊર્ધ્વમાં આવી રહેલ સઘળાં તત્ત્વો પ્રત્યે ખુલ્લાં થાય તે. પૃ.૫૨
- ..... ૨. અંતર મનની સૂક્ષ્મ કેન્દ્રો એમની પાછળ અને એમનાથી ઊર્ધ્વમાં આવી રહેલ સઘળાં તત્ત્વો પ્રત્યે ખુલ્લાં થાય તે. પૃ.૫૨
- ..... આ રીતે ચૈત્યપુરુષ અને ઊર્ધ્વમાં રહેલ ચેતના એ બે વચ્ચે સંબંધ સ્થાપન કરવો એ યોગની સિદ્ધિ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. પૃ.૫૨
- ..... હૃદયનાં કેન્દ્રમાં એકાગ્રતા કરવાથી..... આપણી અંદર ભગવાન પોતાને પ્રગટ કરે (છે)..... સમસ્ત પ્રકૃત્તિને પોતાનાં હાથમાં લે અને તેની દોરવણી કરે..... સાધનાના આ અંગમાં અભીપ્સા..... મુખ્ય આધારરૂપ હોય છે. પૃ.૫૨-૫૩
- .....જે કાંઈ બાધા રૂપ હોય તેનો ત્યાગ પણ સાથે સાથે થવો આવશ્યક છે. પૃ.૫૩
- ..... બીજું કેન્દ્ર, શરૂઆતમાં, મસ્તકની અંદર ચેતનાની એકાગ્રતા કરવાથી ખૂલે છે, પરંતુ પછીથી, ચેતનાને મસ્તકની ઉપર એકાગ્ર કરવાની

હોય છે. પૃ.૫૩

- **.....ઊર્ધ્વમાં રહેલ ચેતનાની શાંતિ, શક્તિ, જ્યોતિ, જ્ઞાન, આનંદ વિગેરે..... પોતાનાં આધારમાં ઊતરી આવે..... આવી સતત અભીપ્સા અને સતત જાગૃત સંકલ્પશક્તિનો પ્રયોગ સાધકે કરવાનો રહે છે. પૃ.૫૩**
- **..... એમાં પણ પ્રથમ શાંતિને માટે અથવા તો, શાંતિ અને શક્તિ બંને માટે એકી સાથે અભીપ્સા કરવી જોઈએ. પૃ.૫૩**

પૂર્ણયોગની સાધના માટેનાં મૂળભૂત એવા બે અંગોની પ્રક્રિયા અને તે દ્વારા સાધનામાં આવતી દિવ્ય વસ્તુઓ અને સાધકે કરવાના પ્રયોગો વિષે શ્રી અરવિન્દ ખૂબ જ સુંદર રીતે જણાવી રહ્યાં છે.

પૂર્ણયોગની સાધનાનું પ્રથમ અંગ છે, ચૈત્યપુરુષનું અગ્રભાગે આવવું. જ્યારે સાધક તીવ્રભાવે પ્રાર્થના, અભીપ્સા કરતો હોય છે ત્યારે સ્વાભાવિક રીતે જ એ હૃદયનાં કેન્દ્રમાં પોતાની ચેતના સ્થિર કરીને ચૈત્યપુરુષના સંપર્કમાં આવતો હોય છે. આ સંપર્ક જ સાધકને પોતે પ્રભુનું જ બાળક છે તેની યાદ આપે છે. અને તે અનુભવે છે કે તેનો પ્રભુ, તેનો દેવ, તેનો પુરોહિત તો તેનાં હૃદયમાં જ બિરાજમાન છે. આ સભાનતા સાથે જ તે અનુભવે છે કે તેનું જે કાંઈ કાર્ય છે તે આ એક જ 'દિવ્ય-સત્તા' દ્વારા જ દોરવાવું જોઈએ અને તેની આ અભીપ્સા તેનામાં રહેલ ચૈત્યપુરુષને અગ્રભાગે લઈ આવે. આને જ હૃદયનાં કેન્દ્રમાં ખુલ્લાપણું આવવું કહેવાય છે. આ ઉઘાડ જ સાધકને એક તીવ્ર અભીપ્સા, પ્રાર્થના, ભક્તિ, સમર્પણ વિગેરેથી ભરી દે છે અને તે પોતાની વ્યક્તિગત પ્રકૃત્તિને ચૈત્યપુરુષની સીધે સીધી દોરવણી હેઠળ મૂકે છે. આ અભીપ્સામાં જે કાંઈ વિઘ્નો કે બાધાઓ આવે છે તેનો ત્યાગ પણ કરતો હોય છે. અભીપ્સા અને પરિત્યાગ એક બીજાના પૂરક બને છે. સાધક પોતે વ્યક્તિગત મુક્તિ અનુભવે છે.

સાથે સાથે સાધક તે પણ અનુભવે છે કે પોતાનાની અંદર પણ મનના સૂક્ષ્મ કેન્દ્રો છે અને તેની ચેતના ઊર્ધ્વ-ચેતના સાથે જોડાઈ શકે છે. અને ઊર્ધ્વમાં પણ

દિવ્ય ચેતના છે જેનો તે અવિભાજ્ય અંશ છે. સાધકે આ જાગૃતિ આવતા જ પ્રથમ તે અંતર-મનની ચેતનાને પોતાના મસ્તકની અંદર સ્થિર કરતો થાય છે. જાણે એને ગગનમાં વિહાર કરાવતો દરવાજો મળી ગયો હોય તેવું લાગે છે. એક અનંતતા તેને પોકારતી હોય તેવું લાગે છે. છતાં તે તેનાથી તો અજાણ હોય છે. આ એકાગ્રતા તેને ધીરે ધીરે મસ્તકની અંદરથી ઊર્ધ્વમાં લઈ જાય છે અને તે પોતાની મસ્તક ઉપર 'સહસ્ત્રાર ચક્ર'માં પોતાની ચેતનાને સ્થિર કરવાનો પ્રયત્ન કરે છે. પ્રથમ તો આ આવન-જાવન ક્ષણિક અને પ્રાસંગિક જ હોય છે. ધીરે ધીરે તે પોતાની સતત અભીપ્સા અને સંકલ્પશક્તિથી ત્યાં પોતાની ચેતનાને સ્થિર કરે છે. અને અનુભવે છે કે મસ્તક ઉપરની જે વૈશ્વિક ચેતના છે તે તો દિવ્ય વસ્તુઓથી ભરપૂર છે. ઊર્ધ્વ ચેતનાની શાંતિ, શક્તિ, જ્યોતિ, જ્ઞાન, આનંદ વિગેરે તે અનુભવતો થાય છે. અને તે પોતાનાં આધારમાં આ સઘળી દિવ્ય વસ્તુઓને ઊતરી આવવાનું આહવાન કરે છે. આ તેની અભીપ્સા જ હોય છે. શ્રી અરવિન્દ ખાસ જણાવે છે કે પ્રથમ તો શાંતિ અથવા તો શાંતિ અને શક્તિ બંનેને માટે એકી સાથે અભીપ્સા કરવી જોઈએ. શાંતિ પ્રથમ આવવાથી અન્ય દિવ્ય-તત્ત્વો સહજ રીતે સાધકનાં આધારમાં સ્થિર થઈ શકે છે અને સાધકની વ્યક્તિગત પ્રકૃત્તિ પણ તેને અનુરૂપ બનીને દિવ્ય પ્રકૃત્તિ ધારણ કરતી થાય છે.

આ બંને પ્રક્રિયાઓને સંવાદમય રીતે જોડીને એક અતુટ સંબંધ સ્થાપીને સાધના કરવી એ પૂર્ણયોગની સિદ્ધિ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે.

શ્રી અરવિન્દ સાવિત્રી મહાકાવ્યમાં આ જ પ્રક્રિયાનું સુંદર વર્ણન કરે છે :

It is the origin and master-clue,
A silence overhead, an inner voice,
A living image seated in the heart,
An unwalled wideness and a fathomless point,
The truth of all these cryptic shows in Space,
The Real rowards which our strivings move,
The secret grandiose meaning of our lives. (Savitri, Page : 49)

સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

પ્રકરણ - ૫૩

ભાગ - ૩

યોગમાં માર્ગદર્શન

(૧૦.૧૨.૩૮) (પૃ.૨૬૨)

સમજૂતી - માનસિંહ ચાવડા

શિષ્ય : આવા બાહ્ય નિયંત્રણોથી ફાયદો થાય?

શ્રી અરવિન્દ : જો સાચા દિલથી તે સાધના સમજીને પાળવામાં આવે તો જરૂર થાય. તે તેમની યોગસાધનામાં મદદરૂપ જ થાય છે મૂળ વાત સ્વયંશિસ્તની છે. તપનો ભાવ રાખવાની છે. તે માટે સતત જાગૃત દૃઢ સંકલ્પની જરૂર છે. શરૂઆતમાં આશ્રમમાં આપણે ખૂબ યશસ્વી થયાં

શિષ્ય : તેમાં પાછળથી મંદતા આવી ગઈ?

શ્રી અરવિન્દ : હા, તે મંદતાનું કારણ એ પણ હતું કે સાધના ભૌતિકતત્ત્વમાં અને અવચેતનમાં ઊતરી. ત્યાં પરીણામો જલદી આવતા નથી. અને આવે છે તે પાછા ભૂંસાઈ જાય છે. પુનરાવર્તન વારંવાર કરવું પડે છે. આમાં સાધકની ધીરજ ખૂટવા લાગે છે. તેથી પણ મંદતા આવે છે. આ કારણોસર જ ભૌતિક તત્ત્વને ત્યાગવાની વાત પ્રાચીન ઋષિઓ કરતાં હતાં. પણ આપણું લક્ષ્ય પૂર્ણરૂપાંતર અને પૂર્ણયોગ છે. દરેક કક્ષાએ આપણે પ્રભુનો સાક્ષાત્કાર કરવાનો છે.

શિષ્ય : લાંબી રાહ જોવી પડશે. કોઈ સહેલો ઉપાય નથી?

શ્રી અરવિન્દ : છે જ. પ્રભુના સાચા બાળક બની રહો.

શિષ્ય : ઠાકુર કહેતા સાધકે સદા જ્ઞાનની ઉગામેલી ઉઘાડી તલવાર લઈને ફરવાની જરૂર નથી.

શ્રી અરવિન્દ : સાધના જીવનનો એક ભાગ જ ન બનવો જોઈએ. સમગ્ર જીવન યોગમય બની જવું જોઈએ. તેમ થાય પછી સાધનાની શરૂઆતમાં જે પદે પદે વિવેક વૈરાગ્ય રાખવો પડે છે તે રાખવાની જરૂર પડતી નથી. પ્રકૃત્તિ જ તેનું ધ્યાન રાખે છે. અંતે ભૌતિક - જીવનમાં પણ સાધનાની જરૂર છે જ.

શિષ્ય : તો તમે નિવૃત્તિ શા માટે સ્વીકારી ? તમારી સાધના ઉપર એકાગ્રતા કરવા ?

શ્રી અરવિન્દ : અવચેતનની સાધનામાં ખૂબ જ એકાગ્રતાની જરૂરિયાત છે. તે માટે. બીજું માતાજીએ આશ્રમનું અને સાધકોની સાધના બાબતનાં માર્ગદર્શનનું કાર્ય ઉપાડી લીધું હતું તેથી.

શિષ્ય : કાશીનાં વિશુદ્ધાનંદજી અનેક પ્રકારની સુગંધો નિર્માણ કરતાં તે કેવી રીતે ?

શ્રી અરવિન્દ : તે મૂર્તિકરણનો, ભૌતિકીકરણનો પ્રકાર છે. પૉલ બ્રન્ટનને પોતા ઉપર દબાણનો સતત અનુભવ થતો. દર્શન દિવસે મને જોયા પછી ખાતરી થઈ કે તે મારા કારણે દબાણ અનુભવતા, કારણ મારી હાજરીમાં તેમણે એવું સ્પષ્ટ અનુભવ્યું. આ પોતાની મેળે નિર્માણ થતું મૂર્તિકરણ છે.

શિષ્ય : ધ્યાનમાં આરોહણ અને અવરોહણના અનુભવ થાય છે તે શું છે ?

શ્રી અરવિન્દ : ભૌતિક શરીરમાંથી પ્રાણમય શરીરનો બહાર નીકળવાનો અને પ્રવેશવાનો તે અનુભવ હોય છે. ભૌતિક દેહ પણ અદ્ધર ઊંચકાઈ જાય છે એવો મારો અલિપૂર જેલનો અનુભવ છે. એક વખત હું સંકલ્પ વગર હાથ ઊંચા રાખવાનો અભ્યાસ કરી રહ્યો હતો. તે દરમિયાન ઊંઘી ગયો. કેદના સંરક્ષકને

લાગ્યું કે હું તે જ અવસ્થામાં મરી ગયો છું. તેણે એવો રીપોર્ટ કર્યો. ડૉકટર આવ્યા ત્યારે હું જાગી ગયો હતો.

જુલ્સ રૉ ડૉકટર અને ગૂઢવાદી હતો તે આંખો બંધ કરીને શરીરનાં અન્ય અવયવોથી જોઈ શકતો હતો.

શિષ્ય : રમણ મહર્ષિ અતિમનસ અવતરણમાં માનતા નહોતા.

શ્રી અરવિન્દ : આપણા યોગના સાધકો સિવાય અન્યોને પણ અતિમનસના અવતરણની અનુભૂતિ થઈ છે. દા.ત. રામકૃષ્ણ મિશનનાં એક વૃદ્ધ સન્યાસીને. તેને કહેવામાં આવ્યું હતું કે તે શયતાનની રમત છે. તે પછી તે અનુભૂતિ બંધ થઈ ગઈ.

રમણ મહર્ષિને અચલબ્રહ્મનો સાક્ષાત્કાર હૃદયમાં સીધેસીધો થયેલો. તેથી તેમને ઊર્ધ્વમાંથી અવતરણનો અનુભવ નહી થયો હોય.

શિષ્ય : મારું માનવું છે કે કૃપા બિનશરતી હોય છે.

શ્રી અરવિન્દ : ભગવાન માટે બિનશરતી, આપણાં માટે શરતી.

શિષ્ય : આપણાં માટે સત્યની શરતોનું પાલન આવશ્યક છે એમ માતાજી જણાવે છે.

શ્રી અરવિન્દ : અલબત્ત.

(અનુ. પૃ.૩૮ ઉપરથી) **વેદવિજ્ઞાન**

૪ દશગ્વા:

આ યોગી નવગ્વાના જ્ઞાન અને ક્ષમતા ઉપરાંત પરમ-ચેતનાનું જ્ઞાન પણ ધરાવે છે. તે વૈશ્વિક ઉત્ક્રાંતિનું ભાવિ આયોજન અને તે વાસ્તવિક કરવાની પ્રક્રિયા પણ જાણવાની ક્ષમતા ધરાવે છે. તે સાકાર નિરાકાર, સગુણ-નિર્ગુણ, સક્રિય-નિષ્ક્રય બધી જ અવસ્થાઓમાં પરમ-ચેતનાને અનુભવે છે. આ જ બ્રહ્મનું પરમ જ્ઞાન છે. તે વસ્તુ અને વ્યક્તિમાત્રમાં વિકસતા પ્રભુ જુએ છે. તે પુરુષોત્તમ ચેતનામાં રહેતો હોય છે. પૂર્ણયોગ આ છે.

ભાગ - ૯

સપ્તર્ષિ અને ઋષિકુળ

ઋષિઓનાં પ્રકારો :

ઋષિઓનાં તેમનાં વર્ણાશ્રમાંનાં સ્થાન ઉપરથી નીચેના પ્રકારો વેદોમાં પાડેલા જોવા મળે છે. (૧) બ્રાહ્મણ - બ્રહ્મર્ષિ (૨) ક્ષત્રિય - રાજર્ષિ (૩) વૈશ્ય - મહર્ષિ (૪) શુદ્ર - દેવર્ષિ (દા.ત. નારદ)

ઋષિઓની આધ્યાત્મિક યોગ્યતા અને તેમણે મેળવેલ જ્ઞાનની દૃષ્ટિએ નીચેના તબક્કાઓ પાડેલા મળે છે.

૧ સપ્તગ્વા :

ગ્વા એટલે જ્ઞઃ = જાણનાર, જે ઋષિઓએ શરીરમાંનાં સાતેચક્રોને તેમનાં પ્રકાશરંગનું ધ્યાન કરીને શુદ્ધ અને દિવ્ય કરેલાં છે અને જે તે ચક્રના પ્રકાશરંગ રૂપ દેવતાનો જીવંત સંપર્ક સાધી અનુભવ કર્યો છે અને તે શક્તિને જીવનમાં વાપરી જાણે છે, (પોતાના અને અન્યને મદદ કરવા) તેને સપ્તગ્વા કહ્યાં છે.

સાતયોગચક્રોના સાત પ્રકાશ રંગો અને તેમના કાર્યો નીચે મુજબનાં છે.

ક્રમ	સ્થાન	નામ	કાર્ય	પ્રકાશરંગ
૧	મસ્તક	સહસ્ત્રાર	દિવ્ય-મન-પ્રાણ-શરીરની શક્તિઓ	શ્વેત દૂધ કે કપૂર જેવો
૨	ભ્રુમધ્ય	આજ્ઞા	તેમનાં ઉપયોગનું સામર્થ્ય	આછો નીલ
૩	કંઠ	વિશુદ્ધિ	શુદ્ધિકરણ	ઘાટો નીલ
૪	હૃદય	અનાહત	પ્રકાશનો અને નાદનો અનુભવ	પીળો
૫	નાભિ	મણિપુર	વિદ્યુત આંદોલનો દ્વારા	સિંદુરિયો

			શુદ્ધભાવ જગતનું સંચાલન	
૬	લિંગ	સ્વાધિષ્ઠાન	નિમ્નચેતનાનું સંચાલન	લાલ
૭	ગુદા	મૂલાધાર	બધાંને શારીરિક આધાર આપી ટકાવી રાખવાનું કાર્ય	જાંબલી

નોંધ : (૧) યોગિક જ્ઞાન એ દેવયાન - પંથનો જ એક ભાગ છે. દેવયાનપંથ એટલે પ્રકાશની ઉપાસનાનો માર્ગ (૨) આ વ્યક્તિ-ચેતનાની પ્રગતિનાં તબક્કા છે. (૩) આમાં વિશાળતાનો, અસીમતાનો અનુભવ હોતો નથી.

૨ અષ્ટગ્વા :

આમાં ઉપરનાં સાત ચક્રો ઉપરાંત મસ્તક ઉપરનાં સનાતન ચેતનામાં પ્રવેશવાનું સામર્થ્ય મળે છે. તેનો પ્રકાશરંગ નિર્મળ પાણી જેવો પારદર્શક હોય છે. તેને નારાયણ ચેતના પણ કહે છે ‘નારા’ એટલે પાણી. આ સાક્ષાત્કારથી નિર્લેપતા, સમતા, વિશાળતા, પ્રકાશમયતાનો અનુભવ આવે છે. આ વિશ્વચેતનાનો અનુભવ છે. આ ચેતનામાં નીચેના બધાં જ સ્વરૂપમાંનાં અશુદ્ધ તત્ત્વોને દિવ્ય કરવાની ક્ષમતા છે.

૩ નવગ્વા :

આમાં ઉપરનાં આઠ યોગચક્રો ઉપરાંત ગોઠણમાંનું અવચેતન અને પગની પાનીમાંનું અચેતન - યોગચક્રો ઉપર પણ યોગી નિયંત્રણ લાવે છે. તેમને શુદ્ધ કરે છે. અવચેતનનો પ્રકાશ રંગ શ્યામ (આછો - કાળો) અને અચેતનનો કૃષ્ણ (ઘાટો કાળો) હોય છે. અવચેતન એ ગ્રહણક્ષમતાની વિકૃત્તિ સ્વરૂપ છે તે ફક્ત નિમ્નપ્રકૃત્તિનાં અનુભવો જ સમજી શકે છે. તેના શુદ્ધિકરણથી દિવ્યપ્રકૃત્તિનાં કાર્યો બાબતની પણ સંવેદના વિકસે છે. અચેતન એ સંગ્રહક્ષમતાની વિકૃત્તિ છે. તે નિમ્નપ્રકૃત્તિનાં અનુભવો જ સંગ્રહી રાખે છે. શુદ્ધિકરણ બાદ તે દિવ્ય-પ્રકૃત્તિનાં અનુભવો સંગ્રહે છે. અવચેતન અને અચેતનની વિશુદ્ધિથી અશુદ્ધનિમ્ન પ્રકૃત્તિ રૂપાંતરિત થઈ દિવ્ય થવાથી નિમ્નપ્રકૃત્તિની ગતિવિધિઓને સંગ્રહવાનો કે ગ્રહણ કરવાનો પ્રશ્ન જ ઉકલી જાય છે.

(અનુ.પૃ.૩૬ ઉપર)

ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : **Mind of cells - by Satprem** તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

પાર્થિવતત્ત્વની મુક્તિ

પ્રકરણ - ૨૧

સમજૂતી - માનસિંહ ચાવડા

Each of us is locked up inside a little formation created by the most ordinary mind that moulds everyday life, as if we were in some narrow prison - 1961-173

With what instrument do you expect to change your body if your mind is not changed before hand ? - 1957 - 155

One of the most serious obstacles is the sense of legitimacy which the ordinary consciousness gives to all the so-called physical laws... they have such a solidity, concrete reality for us - 1958-105

There are all those old things that come from human atavism : being reasonable, careful, smart - taking precaution, providing for unknown eventualities... the whole mentalization of the cells - 1967-2110

It gives the impresseion of something immovable, unchangeable and totally unresponsive - 1962-62

The material mind loves dissasters and attracts them, it even creates them, because it needs the emotional stimulation to arouse its unconsciousness... to shake it into waking up -1965-

247

I went down somewhere in the consciuousness... that lives in a state of apprehension, alarm, fear, anxiety... It's in the cell's subconsciousness, that where it is rooted - 1960-511

It is really an automation : no conscious will can move it... And It's very closely connected with physical illnesses. - 1960-1312

When this material mind is seized with an idea, it is literally possessed by it and can hardly free itself. And that's what illnesses are - 1965-1812

This experience is the supreme knowledge in action with total cancellation of all past and future consequences...

\- 1958-105

****

માનવના સ્વરૂપમાં મન સહુથી વધારે શક્તિશાળી છે અને તે માનવનાં પ્રાણતત્ત્વ (ભાવના) અને પાર્થિવતત્ત્વને (શરીરને) ઘડે છે. તેમનાં માટે પોતાનાં અનુભવનાં દ્વારા જાણે આચારસંહિતા નિર્માણ કરે છે. આપણું પાર્થિવમન આવી આચારસંહિતાની કેદમાં જ, મર્યાદામાં જ જીવે છે. પાર્થિવ મનને એનું સુખ છે એ જ એની શાંતિ છે. પાર્થિવમન પણ તેમ જ સમજે છે અને તેથી દરેક પ્રસંગે ગભરાઈને તે ઘટનાથી પોતે પોતાની મર્યાદાની બહાર જતું નથી, ને તેની ચિંતા કરે છે. પોતાનાં ઉપરની મનોરચનાની પકડને - mental structure ને તે અભેદ્ય ગણે છે અને તેથી નિરાશાવાદી નવા ફેરફાર તરફ શંકાશીલ બની રહે છે.

આ કેદમાંથી છૂટવાનો એક માર્ગ એ છે કે મન પોતે જ પોતાની આ મનોરચનામાં ઉદારભાવે ફેરફાર લાવે તેથી કદાચ સાંકડી કેદ વિશાળ કેદ બનશે પણ સાચી મુક્તિ બનવાની શક્યતા નથી.

મનની આ મનોરચના પાર્થિવતત્ત્વને અભેદ્ય લાગે છે, કારણ તે ખૂબ જ

વ્યવહારુ છે, સમજીને બનાવેલી છે, તેનાં પોતાનાં હિતમાં છે, આ પ્રકારની તેની ધારણા હોય છે. આ ધારણા જ તેની મુક્તિમાં સહુથી મોટો અવરોધ છે. તમે જ્યારે એવું વિચારશો કે આ બંધન તેનાં વિકાસમાં અવરોધરૂપ છે ત્યારે જ તેમાં રૂપાંતર થવાની શક્યતા છે ત્યારે તે આવી રીતે પોતાની જ ધારણાઓમાંથી મુક્ત થશે, ત્યારે જ મનની ઉપરના પ્રકાશમાંથી - અતિમનસ પ્રકાશમાંથી - તેના સંચાલનની શરૂઆત થશે. તે ઊર્ધ્વમાંનાં પ્રકાશને ઝીલવો, તેની મારફત આવતી આંતરપ્રેરણાઓને અનુસરીને પોતામાં ફેરબદલ કરવો, પોતાના કોષેકોષમાં તેને સ્થાપવો, તેનાં ઉપર જ આધાર રાખી જીવવું એ જ રૂપાંતરની શરૂઆત છે.

પાર્થિવમનને સતત તીવ્રસંવેદનો જ જગાડી શકે છે. આવા તીવ્ર સંવેદનો ભયમાંથી અસુરક્ષિતતાની ભાવનામાંથી નિર્માણ થતાં હોય છે તેથી પાર્થિવમન આવા તીવ્ર ભાવનાનાં આંદોલનોને - સંવેદનોને ઝંખે છે. તેને એમ લાગે છે કે તેવું નહિં બને તો પોતે બેહોશીમાં, અચેતનતામાં સરી પડશે. આ ભય અને અસુરક્ષિતતાની ભાવનાં કોષોમાં રહેલી છે. કોષો કાયમ ભયભીત થઈને જ કાર્યપ્રવણ બને છે. પરંતુ આ ભયભીતતા કોષોને રોગગ્રસ્ત પણ કરી નાંખે છે. રોગોનો ઉદ્ભવ આવી ભીતીમાં જ હોય છે.

જ્યારે પાર્થિવતત્ત્વ મનની રચનાનાં નાગચૂડમાંથી પૂરેપૂરું મુક્ત થાય છે, ત્યારે જ તે ભયમુક્ત બને છે ત્યારે જ તેની ક્રિયાઓ અને પ્રક્રિયાઓ તેનાં પોતાનાં સ્વભાવમાંથી નિર્માણ થાય છે. આ પ્રતિક્રિયાઓ પાર્થિવતત્ત્વ માટે સાચા અર્થમાં હિતાવહ હોય છે. આ પ્રતિક્રિયાઓને આજનાં શરીરશાસ્ત્રીઓ 'body langauge' ના નામે ઓળખે છે. શરીર અને કોષો તેને અહિતકારક વસ્તુઓ પ્રત્યે સહજ રીતે અભાવ અનુભવે છે. ત્યારે હિતકારી વસ્તુ પ્રત્યે લગાવ અનુભવે છે આ Body - langauge નું હાર્દ છે..

આવી રીતે ઊર્ધ્વપ્રકાશમાંથી પ્રેરણા લઈને કોઈની પણ ગુલામી વગર સ્વતંત્ર રીતે જીવતું પાર્થિવતત્ત્વ જ પોતાનાં બાબતનું શ્રેષ્ઠત્તમ જ્ઞાન મેળવી શકે છે. આવા પાર્થિવતત્ત્વમાં જ વિકસિત પ્રાણીઓ નિર્માણ કરવાની ક્ષમતા હોય છે. તે ઉત્ક્રાંતિને આગળ ધપાવી શકે છે.

યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

વિભાગ - ૨
(સંક્ષિપ્ત પ્રશ્નોતરી)

પ્રકરણ - ૧

સમજૂતી - માનસિંહ ચાવડા

(૨૬) સગાઓને ન મળવાનું વલણ

સાધક : જો કોઈ પાસેના સગા અચાનક અહિં આવે અને હું તેમને મળવાનું કે તેમની સાથે વાત કરવાની ના પાડું તો તે મારું અહંકાર-પ્રેરિત કાર્ય ગણાશે?

શ્રી અરવિન્દ : નિશ્ચિત નહિ. તે ફક્ત ભૂતકાળની ચેતનાની વસ્તુઓનો પરિત્યાગ હશે અને પોતાને સંપૂર્ણ રીતે પ્રભુ માટે જ રાખવાની ક્રિયા હશે.

(૨૭) સાધકને પોતાને બચાવવાનો અધિકાર

સાધક : જો બહારગામથી દર્શન માટે આવતા લોકોને હું મળવાની ના પાડું તો તે મારું અહંકારી વર્તન ગણાય?

શ્રી અરવિન્દ : અમૂક લોકો તેવો જ અર્થ લેશે. પણ તે વાસ્તવિકતા નહિ હોય. આવનારા લોકો પોતાની સાથે જુદાં જ પ્રકારનું વાતાવરણ પણ લાવે છે. અને જો તે તમારાં સગા હોય તો તો તે વાતાવરણને તમારી ઉપર વર્ષાવે છે. આ એક સૂક્ષ્મ વાસ્તવિકતા છે અને સાધનારત વ્યક્તિને આવા વાતાવરણથી પોતાને બચાવી લેવાનો પૂરેપૂરો અધિકાર છે.

(૨૮) સગાઓ પ્રત્યે સાચી ભૂમિકા

સાધક : 'ડી' એ પોતાનાં સગાઓને મળવાની ના પાડી તેની ઉપર 'એચ' એ એક સૉનેટ કાવ્ય લખ્યું હતું. તેમાં તેણે સૂચવેલું કે 'ડી' એ

અહંકારવશ થઈને પોતાનાં સગા ભાઈને મળવાની ના પાડી. પણ તમે તો 'ડી'ના વર્તનને સારું અને સમર્થ કાર્ય ગણો છો !

શ્રી અરવિન્દ : 'ડી'નું વર્તન સાચી આંતરપ્રેરણામાંથી ઉદ્ભવ્યું હતું. તેની ભાવના એ હતી કે મારો કોઈ સગો નથી જે મારાં ભૂતકાળનાં જીવન સાથે સંબંધિત હોય. જો તેને મને ભાઈ તરીકે જ મળવું હોય તો હું મળવાનો ઈન્કાર કરું છું. તેને અધ્યાત્મિક માર્ગદર્શનની જરૂર હોય તો તેણે સીધેસીધા એક અભીપ્સૂ તરીકે શ્રી માતાજીને મળવું જોઈએ. મને જો મળવું હોય તો તેણે પોતાની જૂની આસક્તિ અને સંબંધોથી ઉપર ઊઠીને જ મળવું જોઈએ. તેની મારા તરફ જોવાની જુદી જ દૃષ્ટિ હોવી જોઈએ. એક સહપ્રવાસીની કે એક ગુરુ-બંધુની. 'એચ' એ પોતાનાં સૉનેટ કાવ્યમાં 'ડી'ની ટીકા કરી તે લોકોનાં કહેવાથી કે તેનું વર્તન અહંકારી છે. તે 'ડી'ને સમજી ન શક્યો અને લોકોનું કહેવું જ સાચું માન્યું. (૯ ઓગષ્ટ - ૧૯૩૪)

(૨૯) લોકોની અપેક્ષાઓના આંદોલનો

સાધક : અગાશીનું કામ પૂરું થયું. મેં અગાશી ઉપર કામ કરતાં મજૂરોને વહેંચવા ત્રેવીસ સંતરા લીધાં. મને મારામાં મારી નિત્ય સમતા નષ્ટ કરતી ઉત્સુકતા અનુભવાઈ. તે કદાચ મજૂરોની અપેક્ષાઓનું પરીણામ હોવાની શક્યતા છે. કારણ મેં તેમને કાંઈક વહેંચીશ એવું જણાવેલું, પણ શું વહેંચીશ તે જણાવેલું નહોતું.

શ્રી અરવિન્દ : હા, તેમની ઉત્સુકતાનું જ તે પરીણામ હતું, જે તમે તમારી ઉત્સુકતા તરીકે અનુભવી.

(૩૦) નવા કામથી અનુભવાતો ભાર

સાધક : મને મારા માથા ઉપરનો ભાર ઊતરી જતો લાગ્યો કારણ હવે અગાશીનું કામ પૂરું થયું હતું. મને આશ્ચર્ય એ થયું કે વીસ મજૂરોની દેખરેખ રાખવાનાં આ કામનો મને આટલો મોટો બોજો કેમ લાગ્યો. ઘણાં કોન્ટ્રેકટરો વર્ષોનાં વર્ષો ઘણાં બધાં મજૂરો ઉપર દેખરેખ રાખે છે. મને લાગે છે કે આવું કામ મેં પહેલા ન કરેલું હોવાથી મને તેનો ભાર વર્તાયો.

શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

આધ્યાત્મિક અને ભૌતિક જીવનનો સમન્વય (૧૧૧-૧૧૨)

પ્રકરણ - ૬૨
(માતૃવાણી ભાગ-૧૦, પૃ.૨૪૩-૨૪૬)

સમજૂતી - માનસિંહ ચાવડા

(૧) સિદ્ધિઓ સાથેનું જ્ઞાન એક બાળક જેવું છે, કારણ કે જ્યારે તેને કાંઈક પ્રાપ્ત થાય છે ત્યારે તે તેની જાહેરાતનાં બૂમ બરાડા પાડતું રસ્તા ઉપર દોડાદોડ કરે છે. પરંતુ પ્રજ્ઞા પોતાની શોધોને વિચારપૂર્ણ અને બલિષ્ઠ મૌનમાં લાંબા સમય સુધી ભંડારી રાખે છે (૧૧૧)

(૨) વિજ્ઞાન એવી રીતની વાત કરે છે અને વર્તે છે કે જાણે તેણે સર્વજ્ઞાનને જીતી લીધું છે. પ્રજ્ઞા અમાપ સાગરોના કિનારા ઉપર ચિંતન અને ગહન મૌનમાં ચાલતી, પોતાના પગરવના પડઘાં સાંભળે છે. (૧૧૨)

માતાજી આ બાબતમાં પોતાની ભૂમિકા જણાવે છે. પોતે જે કાંઈ જાણ્યું હોય તેનો તરત જ ઉપયોગ કરવો અને પ્રચાર કરવો અને ઊર્ધ્વજ્ઞાન સાથે સંપર્કમાં રહેવું. શરૂઆતમાં બન્ને ભૂમિકા અલગ હોય છે પણ તે સંપર્ક નીરવ રહેવાથી જ તેની રૂપાંતરકારી અસરો અનુભવવામાં આવે છે. આમ તમે ભૌતિક જગત અને આધ્યાત્મિક જગતનાં બન્ને છેડાને સ્પર્શ કરીને તેમને સંવાદમાં ગોઠવવાનું તપ કરતા હો છો.

બાળક : માતાજી, નીરવતામાં આ કઈ શક્તિ આવું મહાન કાર્ય કરે છે?

શ્રી માતાજી : ભૂતકાળના યોગીઓ આવી નીરવતા સમાધિમાં પ્રાપ્ત કરતા. તેમાંથી જે મળ્યું હોય તે લોકોને ઉપદેશ દ્વારા જણાવતા. મૃત્યુકાળે સમાધિ

દ્વારા તે નીરવતામાં પ્રવેશી દેહત્યાગ કરતાં.

બાળક : તેમાં તો એક શાશ્વતકાળ લાગે છે. કોઈ વસ્તુમાં ફેરફાર થતો નથી. પછી તેમાં પેલી શક્તિ કેવી રીતે આવે ?

શ્રી માતાજી : જો બેટા, પહેલાં તો એ સમજી લે કે શાશ્વતકાળ અનેક નથી તે સદા એક જ છે. બીજું તે સનાતનકાળ અથવા સદાવર્તમાનકાળ આવિર્ભાવ પહેલાંની અવસ્થા છે. તેથી તેમાં ફેરફાર ન અનુભવાય તે સહજ વસ્તુ છે. તેમાં શક્તિ છે. પણ નિશ્ક્રિય.

તેને અહિં દૈનંદિન જીવનમાં ઊતારી લાવવાનો શ્રી અરવિન્દનો પ્રયત્ન છે. ભૂતકાળમાં લોકોએ તેને ધારણ કરી હશે પણ ગાંડા, નિષ્પાપ બાળક, જડભરત થઈને. પણ તેથી તેનો જીવનમાં ઉપયોગ થતો નથી. આપણને તેની મદદથી જીવનને સત્યમ્ શિવમ્ સુંદરમ્ બનાવવાનું છે, પણ તે વસ્તુ મુશ્કેલ છે. લોકો અણસમજુ છે. તેઓ કહે છે શું તમે અંતરમાં દિવ્ય-ચેતના ધારણ કરી છે તો તમે આ ચમત્કાર બતાડો. તમારી શક્તિનો પરચો બતાડો. તે સિવાય તમારી દિવ્યતા અમને માન્ય નથી. તેમનાં મતે દિવ્યતા એટલે પ્રત્યક્ષ પરમપ્રભુ અને તે સર્વશક્તિમાન હોવો જ જોઈએ. નહિ તો તે ભગવાન કેવી રીતે કહેવાય ?

મેં જે ઉપરની મારી ભૂમિકા બતાડી તે અપનાવો. તેમાં તમે પ્રભુની શક્તિનો પણ લોકોને ખ્યાલ આપો છો. તેઓ પોતે જ આંતરિક રીતે અનુભવે છે કે અહિં કાંઈક છે. તમારે કાંઈ પણ બીજું કરવાનું હોતું નથી. ફક્ત પેલી દિવ્યતા ભૌતિક જીવનમાં ધારણ કરી રાખો. તેને જે યોગ્ય લાગશે તે પોતાની મેળે થશે. તમારે કાંઈ કરવાપણું નહિ રહે. તમારી સાધનામાં પણ ખલેલ નહિ પડે. તમારું આંતરિક દિવ્યજીવન, બાહ્ય સામાજિક અને ભૌતિક જીવન વચ્ચે સાચો સુમેળ, સમન્વય સધાશે અને આ જરૂરી છે.

તમારી દિવ્યતાને સહજ રીતે પ્રગટ થવા દો. અંદરને અંદર ભંડારી રાખો નહિ. પ્રભુનું કાર્ય કરવાનો આ સાચો, સરળ માર્ગ છે.

ખોટું બોલવાનું ઈનામ

પ્રકરણ - ૩૫

નાનકડા ગામમાં એક લુહાર પોતાના પુત્ર દમન સાથે રહે. નાનપણમાં દમન ખોળામાંથી નીચે પડી ગયેલો અને પાસે જ શાક સમારતા માતાના હાથમાંની છરી તેને કપાળે વાગેલી. તેનાં કપાળમાં ઘાની નિશાની રહી ગયેલી.

દમન મોટો થયો. તેને લુહારીનું મજૂરીકામ નહોતું ગમતું. તેથી નસીબ અજમાવવા પરદેશ ગયો. ફરતો ફરતો તે રાજા રિપુદમનનાં રાજ્યમાં આવી પહોંચ્યો. તે પોતાનાં કપાળમાંનો ઘા દર્શાવી પોતાને સૈનિક કહેવરાવતો.

રિપુદમનને એક ચબરાક, શુર અંગરક્ષકની જરૂર હતી. તેણે દમનને નોકરીએ રાખી લીધો.

દમનને પોતાનાં ભાગ્ય ખૂલતા લાગ્યાં. આમ જ પાંચ સાત વર્ષ નીકળી ગયા. તેણે એક અધિકારીની સુંદર છોકરી સાથે લગ્ન પણ કરી લીધાં હતાં.

સમય પલટાયો રિપુદમન ઉપર પડોશી રાજાએ ચડાઈ કરી. રિપુદમન પણ પોતાનાં અંગરક્ષક સાથે યુદ્ધમાં જોડાયો. હવે દમનના મનમાં ફાળ પડી. પોતાને લડવા મોકલશે તો શું થાશે. તેથી બીકનાં માર્યા તેણે પોતાની પત્નિને સાચી વાત કહી. તેની પત્નિને છેતરાવવાથી ગુસ્સો આવ્યો. તેણે પોતાનાં પિતાને અને પિતાએ રાજાને સાચી વાત કહી. રાજાના ગુસ્સાનો પાર ન રહ્યો. તેણે આજ્ઞા કરી ‘‘આ જુઠ્ઠાનો શિરચ્છેદ કરો’’. દમનનો શિરચ્છેદ કરવામાં આવ્યો.

મૃત્યુનું રહસ્ય

- હર્ષદ ઠકરાર

શ્રી અરવિન્દે તેમનાં દિવ્ય દેહમાં તા. ૫ ડીસેમ્બર ૧૯૫૦ના રોજ મહાસમાધિ ધારણ કરી છે. શ્રી અરવિન્દના ચિન્મય દેહને તા.૯ ડીસેમ્બર ૧૯૫૦ના રોજ સ્થૂલ સમાધિમાં સમાધિસ્થ કરવામાં આવેલ છે.

તા. ૫ ડીસેમ્બર અને ૯ ડીસેમ્બર સાધકે કેવી રીતે પસાર કરવા એવો પ્રશ્ન શ્રી માતાજીને પૂછવામાં આવ્યો હતો. જેના પ્રત્યુત્તરમાં શ્રી માતાજી જણાવે છે :

"૫ અને ૯ ડીસેમ્બર મૃત્યુ શું છે તેની સમજ કેળવવામાં વાપરો."

- શ્રી માતાજી

સામાન્ય માનવ મૃત્યુની સમજ કેળવતાં નથી. કારણકે માનવ સામાન્ય રીતે જીવન અને મૃત્યુને પરસ્પર વિરોધી એમ સમજે છે એટલે જીવનનું મૃત્યુ થાય છે. આ એક ગેરસમજ છે. આ ખોટી ગેરસમજને દૂર કરવા માટે શ્રી અરવિન્દનાં યોગનાં અભ્યાસુ અને સાધક શ્રી અનિરુદ્ધભાઈ સ્માર્ત સમજાવે છે કે જીવન અને મૃત્યુ નહીં પરંતુ જન્મ અને મૃત્યુ સાચી સમજ છે. જે જન્મે છે તેનું મૃત્યુ છે; જીવનનું નહીં.

નદી તેનાં ઉગમસ્થાનેથી નીકળીને સમુદ્ર સુધી જાય છે. તેમાં નદીના ઉગમ સ્થાનેથી જે પાણી આવે છે, તે પાણી સમુદ્રમાં લય પામે છે, નદી નહીં. પાણી લય પામી જવા છતાં નદીનું અસ્તિત્વ નાશ પામતું નથી. તે મુજબ જગતમાં જીવસૃષ્ટિમાં જે જીવો જન્મે છે તેનું મૃત્યુ થાય છે. જીવસૃષ્ટિ રૂપી નદીનું નહીં.

નદીનું અસ્તિત્વ વાસ્તવિક છે જ્યારે તેનાં પાણીનું અસ્તિત્વ કાયમી નથી અને તે લય પામી જાય છે. આમ મૃત્યુ એ વાસ્તવિક નથી પરંતુ અવાસ્તવિક છે.

આ ઘટના સમજવા માટે આપણને શ્રી અરવિન્દ આશ્રમના સાધક અને શ્રી અરવિન્દનાં યોગનાં અભ્યાસુ શ્રી મનોજ દાસની દૃષ્ટાંત કથા મદદરૂપ થાય છે. જે નીચે મુજબની છે.

''એકદમ પ્રાચીન પુરાણકથાઓમાંની એક - Riddle of Sphinx મૃત્યુનું રહસ્ય એક મહત્ત્વનો સંદેશ માનવજાતિને આપે છે.

સ્ત્રીનું મસ્તક, શરીર સિંહનું, પગ કૂતરાના અને પૂંછ તરીકે સર્પોને ધારણ કરતી વિચિત્ર દેહાકૃતિવાળી આ Sphinx એક વખત સુમસામ રસ્તાની બાજુની ટેકરી ઉપર બેઠી હતી.

રસ્તેથી પસાર થતાં લોકો સમક્ષ એ એક કોયડો રજૂ કરતી હતી અને જે એ કોયડાનો ઉકેલ આપવામાં નિષ્ફળ રહેતા, એ લોકોનો તે સંહાર કરી નાખતી. એ કોયડો આ મુજબ છે. એવું કયું પ્રાણી છે જે સવારે ચાર પગે, દિવસ દરમ્યાન બે પગે અને સાંજના ત્રણ પગે ચાલે છે?

ઘણા લોકોએ જાન ગુમાવ્યા પછી ઓડીયસ (Hero) ત્યાંથી પસાર થયો. કોયડો સાંભળતાં જ એણે પ્રત્યુત્તર આપી દીધો. 'હું' માનવ એ પ્રાણી છું. માનવ પોતાનાં જીવનનાં ઉષાકાળમાં ચાર પગે (ઘૂંટણીયે) ચાલે છે, યુવાની દરમ્યાન બે પગે અને જીવનની સંધ્યા સમયે વૃદ્ધાવસ્થામાં લાકડી રૂપી ત્રીજા પગનો સહારો લઈ ત્રણ પગે ચાલે છે અને જેવો ઓડીયસે સાચો ઉકેલ રજુ કરી દીધો કે તુર્ત જ Sphinx મૃત્યુ પામી.

આ પ્રતીક સ્પષ્ટ છે. Sphinx મૃત્યુનું પ્રતીક છે. એની રચના પરથી સ્પષ્ટ થઈ જાય છે કે તે અવાસ્તવિકતા છે. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે જવાબ પોતે પોતાને જાણતો નથી. (માનવ પોતાનાં સ્વરૂપને પામ્યો નથી) અને જો પોતાને (જવાબને) જાણતો નથી તેને Sphinx - એટલે કે અવાસ્તવિકતા - એટલે કે મૃત્યુ - અવાસ્તવિકતા પોતે જ મૃત્યુ પામે છે. એટલે જે દિવસે માણસ પોતાને જાણતો થઈ જશે તે જ સમયે મૃત્યુનું મૃત્યુ થશે. એ એક વાસ્તવિકતા નહી બની રહે.

શ્રી અરવિન્દના શબ્દોમાં : ‘મૃત્યુએ કુદરતનો જીવનને સતત કરવામાં આવતો પ્રશ્ન છે અને તે જીવનને એ વાત યાદ કરાવવા આવે છે કે તેણે હજુ પોતાનાં સત્ય સ્વરૂપને જાણ્યું નથી.’ - શ્રી મનોજ દાસ

જીવનનું સત્ય શું છે તે સમજવવામાં આપણને સામવેદનું વાક્ય ‘તું તે છે’ તે મદદરૂપ થાય છે. આ તું તે એટલે પરમાત્મા અને આ જીવનમાં પરમાત્માનાં પ્રતિનિધિરૂપ આત્મા. માનવો આ વાક્ય યંત્રવત્ બોલે છે. પરંતુ તેને અનુભવતા નથી, કારણકે માનવ શરીરને સત્ય સમજે છે આત્માને નહીં.

આપણે વિદ્યુત બલ્બ જોઈએ છીએ. તેમાં જે પ્રકાશ છે તે વિદ્યુત શક્તિનો છે બલ્બનો નહીં. માનવની સચેતન અવસ્થા શરીરને કારણે નહીં પરંતુ માનવના આત્માને કારણે છે.

રસ્તા ઉપર કોઈ એક વ્યક્તિ ‘ક્ષ’ જઈ રહી હોય છે, ત્યારે આપણે એમ સંબોધન કરીએ છીએ કે ‘ક્ષ’ જાય છે. પરંતુ જ્યારે ‘ક્ષ’ મૃત્યુ પામે છે અને તેની સ્મશાન યાત્રા નીકળે છે ત્યારે આપણે કહીએ છીએ કે ‘ક્ષ’નું મૃત શરીર જઈ રહ્યું છે.

જે ‘ક્ષ’ સજીવન છે ત્યારે ‘ક્ષ’ને ‘ક્ષ’ કહીએ છીએ, પરંતુ જ્યારે ‘ક્ષ’ મૃત્યુ પામે છે ત્યારે એને ‘ક્ષ’ની સ્મશાન યાત્રા નીકળે છે ત્યારે આપણે કહીએ છીએ કે ‘ક્ષ’નું મૃત શરીર જાય છે. આ દૃષ્ટિએ જે મૃત્યુ પામે છે તે શરીર છે, આત્મા નહીં.

મૃત્યુ આપણને સમજાવે છે કે આત્મા અમર છે જે મૃત્યુથી પર છે. તે સમજાવવા માટે આપણને શ્રીમદ્ ભગવદ્ ગીતા મદદરૂપ થાય છે.

ન જાયતે મ્રિયતે વા કદાચિન્નાયં ભૂત્વા ભવિતા વા નભૂયઃ।
અજો નિત્યઃ શાશ્વતતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે॥
(ગીતા : અ : ૨ : શ્લોક - ૨૦)

આ આત્મા ન જન્મે છે અને કોઈપણ કાળમાં ન મરણ પામે છે. તેમજ આ આત્મા ઉત્પન્ન થઈને ફરીથી થવાવાળો નથી. આત્મા અજન્મા, નિત્ય નિરંતર રહેવાવાળો શાશ્વત અનાદિ છે. શરીરનાં હણાવા છતાં પણ આત્મા હણાતો નથી.

શ્રી અરવિન્દનાં સમજાવવા મુજબ આત્મા કાંઈ જન્મનાં બંધનમાં આવતો

નથી. એ કાંઈ મરણ પામતો નથી. આત્મા એવી વસ્તુ નથી જે એક જીવનમાં આવે છે અને પછી અલોપ થઈ જાય છે. યા તો વિનાશ પામે છે. વળી, એ ફરીથી જીવનમાં પ્રગટ થાય છે. એમ પણ નથી. એ નિત્ય છે, શાશ્વત છે, હણાતા શરીરમાં રહેલો એ પોતે હણાતો નથી.

આમ મૃત્યુ આપણને સમજાવે છે કે આપણે જે મન, પ્રાણ અને શરીર દ્વારા જીવન વ્યતિત કરીએ છીએ એ અવાસ્તવિક છે. વાસ્તવિક રીતે મન, પ્રાણ અને શરીર એ આત્માને અભિવ્યક્ત કરવાના સાધનો છે. સાધ્ય નહીં. આ જ છે શ્રી અરવિન્દનો પૂર્ણયોગ જેમાં મન, પ્રાણ અને શરીરનાં દોરવાતા જીવનમાંથી મુક્ત થઈ આત્મા દ્વારા સંચાલિત જીવન વ્યતિત કરવાનું છે.

આપણે શ્રી અરવિન્દના પૂર્ણયોગ દ્વારા આત્મા દ્વારા સંચાલિત જીવન જીવીએ એ જ છે ૫ અને ૯ ડીસેમ્બરનો સંદેશ અને એ જ છે મૃત્યુનું રહસ્ય.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....

(અનુ.પૃ.૭ ઉપરથી)

સર્વાંગી શિક્ષણ

થતાં નથી. તેની પાછળનું કારણ તે બાળકોની પ્રકૃત્તિ અને તેમને મળેલું વાતાવરણ છે. બાળકોમાં તમસ રહેલું હોય છે, તેથી તેમનામાં આળસ, પ્રમાદ અને શિથિલતા આવે છે. એમનો વિકાસ મંદ પડી જાય છે. તેમને ભણવું ગમતું નથી. તેમને કંટાળો આવે છે. થાક લાગે છે. ન ભણવાં માટેનાં અનેક કારણો, બહાનાંઓ તેઓ શોધી કાઢે છે. પણ આ બધું તેમની પ્રકૃત્તિમાં રહેલાં તમોગુણને આભારી છે. વળી તેમનામાં રજોગુણ પણ હોય છે. જો રજસનું પ્રમાણ વધારે હોય તો તેનામાં ઈર્ષા, આવેગો, લોભ, મોહ, ક્રોધ વગેરે વૃત્તિઓ વધારે હોય છે. આ વૃત્તિઓને લઈને તેમની અંદર રહેલું જ્ઞાન પ્રગટ થતું નથી. જો બાળકની પ્રકૃત્તિમાં સત્ત્વગુણ વધારે હોય તો તેમનામાં રહેલું જ્ઞાન આપોઆપ જાગે છે. સત્ત્વગુણ પોતે જ પ્રકાશરૂપ હોઈને તે જ્ઞાનને ખુલ્લું કરે છે અને તે ખુલ્લું થતાં બાળકને બધું સહજ રીતે સમજાવા લાગે છે.



શ્રી અરવિંદ

In the oblivious field of mortal mind,
Revealed to the closed prophet eyes of trance
Or in some deep internal Solitude
Witnessed by a strange immaterial sense,
The signals of eternity appear.

The Secret Knowledge - Savitri 1-4-48

વ્યક્તિગત આત્માનું ભાન

શારીરિક મર્ત્ય મનના ક્ષેત્રનો, ભૂલાએલો ભાગ પ્રગટતો,
ધ્યાનમહિં આંતર ચક્ષુ સમક્ષ, જે ભાવિ-દર્શન પ્રતિ બંધ હતો,
અથવા કોઈ ગહન એકાંતે, આંતર-પુરુષના એ ગુપ્ત સ્થળે,
જ્યાં દર્શન થાતું કોઈ દર્શકને, અભૌતિક અને અદ્‌ભૂત બળે,
અને સનાતનતાનાં પડઘાં તેને, સંભળાતાં હતાં એ ક્ષણે.

ગૂઢજ્ઞાન - સાવિત્રી - ૧.૪.૪૮

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2015-2017
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

સખ્યમ્

જ્યારે વ્યક્તિ પ્રભુ અંશ બની, પ્રભુ સાથે એકરૂપ થાય,
અને પ્રભુ સંકલ્પ ને કાર્યમાં પણ, સહભાગી બની જાય.
ત્યારે સખ્યભાવ ઉદય પામે, એમ જણાવે વેદ,
બે પંખીની ઉપમા આપી, સમજાવે વેદ સહેજ.
સાધનાની ઊંચી ઉડાન લેતા, બે આત્મા બે પંખી રૂપ,
જે સુંદર, મજબૂત પાંખો ધરાવે, તે ઊંચી ઊડાન સ્વરૂપ.
બન્ને આત્મા સમાન કાર્યે, પ્રયત્નોની પરાકાષ્ઠા કરે,
તેને જોડાએલા પંખી જણાવે, જે અતિમનસે વિહાર કરે.
બન્ને એકરૂપ બનીને, પ્રભુકાર્ય નિષ્ઠાથી કરે,
તે બે સખા-પંખી, વેદો જણાવતા કહે.
બન્ને આત્મા એક જ લોકે, પ્રભુ સંકલ્પે ભેગા થાય,
તેને એક ડાળીએ બેસતા, પંખી વર્ણવતા જાય.
એક પંખી આત્મા સ્વરૂપને, બીજું પરમાત્મા ગણે,
એક કર્મફળ ભોગવે ને, બીજું દૃષ્ટા બની રહે.
સખ્ય ભાવે વિચરે દેહે, એમ પણ વેદો કહે,
પણ બીજો પણ અર્થ કહ્યો, શ્રી અરવિન્દે મહાકાવ્યે.
જોડીયા આત્મા જગતમાં, સખ્ય ભાવે વિચરે,
એમ શ્રી અરવિન્દ જણાવે, સત્યવાન સાવિત્રી રૂપે.

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો

સહજ સત્સંગ માસિક www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

પુસ્તકો www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ‘‘અર્પણ’’ ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ‘‘અર્પણ’’ ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત